RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 340* Date: 30.09.2023,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## જયશંકર-બ્લિંકનની બેઠકમાં કેનેડા મુદ્દે ચર્ચા નહીં: ડિફેન્સ અને ટ્રેડ બાબતે વાતચીત થઈ



નવીદિલ્હી,તા.૨૯

વિદેશ મંત્રી એસ જયશંકરે ન્યૂયોર્કમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા અંગે ચર્ચા કરી હતી. જો કે, બેઠકમાં કોઈએ નિજ્જરની હત્યા અથવા કેનેડા બાબતનો ઉલ્લેખ કર્યો નહીં.બેઠક પહેલા જયશંકર બ્લિંકન સાથે મીડિયાની સામે દેખાયા હતા. તેણે કહ્યું કે અહીં પાછા આવીને સારું લાગ્યું. આ સાથે તેમણે જી ૨૦ સમિટને સમર્થન આપવા બદલ અમેરિકાનો આભાર માન્યો હતો. બેઠક પછી, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને નેતાઓ વચ્ચે ભારતની જી ૨૦ પ્રેસિડેન્સી, ઈન્ડિયા મિડલ-ઈસ્ટ કોરિડોર ઉપરાંત વેપાર, સંરક્ષણ, સ્પેસ અને ક્લીન એનર્જી પર ચર્ચા થઈ હતી.

આ પહેલા એક પ્રશ્નનો જવાબ આપતાં કેનેડાના પીએમ ટ્રૂડોએ કહ્યું હતું કે તેમને વિશ્વાસ છે કે અમેરિકા ચોક્કસપણે આ ગંભીર મુદ્દો ભારત સાથે ઉઠાવશે. તેણે કહ્યું હતું કે- મને આ મામલે અમેરિકન અધિકારીઓ તરફથી આશ્વાસન પણ મળ્યું છે. અમેરિકાએ અમને અત્યાર સુધી સાથ આપ્યો છે. તેણે સતત ભારતને કેનેડામાં નિજ્જરની હત્યાની તપાસમાં સહયોગ કરવા કહ્યું છે.

બ્લિંકન ઉપરાંત, જયશંકર યુએસ એનએસએ જેક સુલિવાન, કેટલાક અમેરિકન સાંસદ અને થિંક ટેન્કોને પણ મળ્યા હતા. આ દરમિયાન, બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પહેલા બંને વિદેશ મંત્રીઓ સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી એટલે કે યુએનજીએના સત્ર દરમિયાન મળ્યા હતા.ત્યારે કેનેડા અને નિજ્જર વિશે કોઈ ચર્ચા થઈ ન હતી. બેઠક પહેલા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરને ભારત-કેનેડા પર એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમણે કહ્યું કે આ સમગ્ર મુદ્દે અમેરિકાનું વલણ સ્પષ્ટ છે. અમે માગણી કરીએ છીએ કે ભારત નિજ્જરની હત્યાની તપાસમાં કેનેડાને સહકાર આપે.

૧૮ સપ્ટેમ્બરે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ તેમની સંસદમાં ખાલિસ્તાની નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો. આ પછી અમેરિકાએ કહ્યું હતું કે તે બંને પક્ષોના સંપર્કમાં છે. મામલાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.આ પછી, ૨૨ સપ્ટેમ્બરે, અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને વ્હાઈટ હાઉસમાં મીડિયાને કહ્યું કે તેઓ આ હત્યા કેસમાં ભારત વિરુદ્ધ તપાસમાં કેનેડાના પ્રયાસોનું સમર્થન કરે છે. સુલિવને કહ્યું હતું કે દેશ કોઈ પણ હોય, આવા કામ માટે કોઈને વિશેષ છૂટ નહીં મળે.તે જ દિવસે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને કહ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સ આ હત્યાની જવાબદારી ઈચ્છે છે. બ્લિંકને પ્રેસ બ્રીફિંગમાં પત્રકારોને કહ્યું - અમે વડાપ્રધાન ટ્રૂડો દ્વારા લગાવવામાં આવેલા આરોપોથી ખૂબ જ ચિંતિત છીએ.૨૪ સપ્ટેમ્બરના રોજ, ધ ન્યૂયોર્ક ટાઈમ્સે દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યા બાદ યુએસ ગુપ્તચર એજન્સીઓએ કેનેડાને ગુપ્ત માહિતી એકત્ર કરવામાં મદદ કરી હતી. તેના આધારે કેનેડા ભારત સામેલ હોવાનું તારણ કાઢવામાં સફળ રહ્યું હતું. જો કે, રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેનેડા દ્વારા ભારત પર આરોપ લગાવતી વખતે જે ઈન્ટેલિજન્સ રિપોર્ટ ટાંકવામાં આવ્યો હતો તે તેણે પોતે જ એકત્રિત કર્યો હતો.

યુએનને સંબોધિત કર્યા પછી, મંગળવારે વિદેશ પ્રધાન એસ જયશંકરે કાઉન્સિલ ફોર ફોરેન રિલેશન્સમાં ચર્ચામાં ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા. આ દરમિયાન તેમણે કેનેડા સાથેના તણાવ સિવાય ચીન, રશિયા અને મણિપુર હિંસા જેવા મુદ્દાઓ પર પોતાનું વલણ રજૂ કર્યું હતું. જયશંકરે કહ્યું હતું કે કેનેડામાં અલગતાવાદી દળો, હિંસા સંબંધિત ગુનાઓ અને ઉગ્રવાદ વધી રહ્યો છે.

જયશંકરે કહ્યું- કેનેડામાં અમારા ડિપ્લોમેટ્સને ડરાવવામાં અને ધમકાવવામાં આવી રહ્યા છે, અમારા કોન્સ્યુલેટ પર હુમલો કરવામાં આવે છે.

## ભારતનું વિદેશમાં દેવું જૂન ક્વાર્ટરના અંતે ૬૨૯ અબજ ડોલર

એજન્સી। મુંબઈ

ભારતનું વિદેશમાં દેવું જૂન ક્વાર્ટરના અંતે સાધારણ વધીને ૬૨૯.૧ અબજ ડોલર થયું હતું. તેમ છતાં એક્સટર્નલ ડેટ ટુ જીડીપી રેશિયો ઘટ્યો હતો. રિઝર્વ બેન્કે ગુરુવારે આ ડેટા જાહેર કર્યા હતા. માર્ચ ક્વાર્ટરના અંતે આ દેવું ૬૨૪.૩ અબજ ડોલર હતું. આમ, તેમાં ત્રિમાસિક ધોરણે ૪.૭ અબજ ડોલરનો વધારો થયો હતો. આરબીઆઈએ કહ્યું હતું કે સરકારનું બાકી દેવું ઘટ્યું હતું, જ્યારે ખાનગી દેવું વધ્યું હતું. એક્સટર્નલ ડેટ ટુ જીડીપી રેશિયો ઘટીને ૧૮.૬ ટકા થયો હતો, જે માર્ચના ક્વાર્ટરના અંતે ૧૮.૮ ટકા હતો. તેમાં પણ યુએસ ડોલર અને જાપાનીઝ યેન જેવી કરન્સીમાં સુધારાને કારણે ૩.૧ અબજ ડોલરની અસર થઈ હતી. ભારતના એક્સટર્નલ ડેટમાં સૌથી મોટુ



કમ્પોનન્ટ યુએસ ડોલર કરન્સીમાં ડેટ રહ્યું, જેનો ૫૪.૪ ટકા હિસ્સો રહ્યો હતો. ત્યારબાદ બીજા ક્રમે ભારતીય કરન્સી રૂપિયામાં દેવું ૩૦.૪ ટકા રહ્યું હતું. એસડીઆરમાં ૫.૯ ટકા, યેનમાં ૫.૭ ટકા અને યુરોમાં ૩.૦ ટકા રહ્યું હતું.

વેલ્યૂએશન ઈફેક્ટને ગણતરીમાં ન લઈએ તો એક્સટર્નલ ડેટ માર્ચ ક્વાર્ટરન સરખામણીમાં ૭.૮ અબજ ડોલર વધ્યું છે. લોંગ ટર્મ ડેટ (૧ વર્ષથી વધુની પાકતી મુદત હોય તેવું દેવું) ૫૦૫.૫ અબજ ડોલર થયું હતું, જેમાં ૯.૬ અબજ ડોલરનો વધારો થયો હતો. શોર્ટ ટર્મ ડેટ (૧ વર્ષથી ઓછી પાકતી મુદત હોય તેવું દેવું) ઘટીને ૧૯.૬ ટકા થયું હતું, જે માર્ચ ક્વાર્ટરના અંતે ૨૦.૬ ટકા હતું. નોન-ફાઈનાન્શિયલ કોર્પોરેશન્સનું બાકી દેવું સૌથી વધુ ૩૯.૮ ટકા રહ્યું હતું. બીજા ક્રમે ડિપોઝીટ ટેકિંગ કોર્પોરેશન્સનું ૨૬.૬ ટકા રહ્યું હતું. જનરલ ગવર્મેન્ટ ડેટ ૨૧.૧ ટકા અને અન્ય ફાઈનાન્શિયલ કોર્પોરેશન્સનું દેવું ૭.૬ ટકા રહ્યું હતું. કુલ એક્સટર્નલ ડેટ પૈકી ૩૨.૯ ટકા ડેટ લોન પેટે છે. ત્યાર પછીના ક્રમે કરન્સી, ટ્રેડ ક્રેડિટ, એડવાન્સ (ધિરાણ), અને ડેટ સિક્યુરિટીઝ છે.

## ભારત સાથેના તણાવ વચ્ચે કેનેડિયન આર્મીની વેબસાઈટ હેક

ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે હેકર્સે કેનેડિયન આર્મીની વેબસાઈટને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. આ હેકર્સે પોતાનું નામ ઈન્ડિયન સાયબર ફોર્સ રાખ્યું છે. જો કે આ જૂથને ભારત સાથે કોઈપણ રીતે કોઈ સંબંધ નથી. આ હેકર્સે ટેલિગ્રામ પર હેકિંગની માહિતી આપી છે. એક સ્ક્રીનશોટ પણ શેર કરવામાં આવ્યો છે, જેમાં કેનેડા માટે અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



નિષ્ણાતોના મતે, આ ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ ઓફ સર્વિસ (ડ્ઢર્ડ્ઢજી) હેકિંગ છે, જેના દ્વારા કેનેડાની સરકારને સંદેશ મોકલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ડ્ઢર્ડ્ઢજી હેકિંગ બહુ ઓછા સમય માટે કરવામાં આવે છે. આ ક્યારેક થોડા કલાકો કે દિવસો માટે જ થાય છે.ઘણી વખત હેકિંગ ગ્રુપો કોઈ ગંભીર નુકસાન પહોંચાડવાને બદલે માત્ર લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. નેશનલ ડિફેન્સ વિભાગના મીડિયા સંબંધોના વડા ડેનિયલ લે બાઉથિલિયરે કેનેડિયન મીડિયાને જણાવ્યું હતું કે બુધવાર (૨૭ સપ્ટેમ્બર)ના રોજ બપોરની આસપાસ સમસ્યા શરૂ થઈ હતી. બાદમાં તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. જોકે બાઉથિલિયરે વધુ વિગતો આપી ન હતી, તેમણે કહ્યું હતું કે અમારી સિસ્ટમ પર તેની નોંધપાત્ર અસરના કોઈ સંકેત અમારી પાસે નથી. કેનેડિયન ફોર્સ દ્વારા આ મુદ્દાની તપાસ કરવામાં આવી રહી છે. તેઓ નૌકાદળ, વિશેષ કમાન્ડ જૂથો, હવાઈ અને અવકાશ કામગીરી સહિત કેનેડા માટે તમામ લશ્કરી કામગીરીનું પ્રતિનિધિત્વ કરે છે.

હેકિંગના આ પ્રયાસના એક સપ્તાહ પહેલા જ ગ્રુપે એક મેસેજ આપ્યો હતો. તેણે ટ્વિટ કર્યું હતું કે કેનેડિયન સાયબર સ્પેસમાં ભારતીય સાયબર ફોર્સના હુમલાની શક્તિને અનુભવવા માટે તૈયાર રહો. આ તમે શરૂ કરેલી ગડબડ માટે છે. ટ્રુડોએ સંસદના કટોકટી સત્રને સંબોધિત કર્યા ત્યારે ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી અવરોધ શરૂ થયો. આમાં તેણે દાવો કર્યો હતો કે તેમની સરકાર પર વિશ્વસનીય આરોપો છે કે નવી દિલ્હીના એજન્ટોએ ખાલિસ્તાની નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરી છે

## એશિયન ગેમ્સ ૨૦૨૩માં ૫ દિવસે શૂટિંગમાં વધુ બે ગોલ્ડ મેડલ જીત્યા, ભારતે અત્યાર સુધીમાં ૮ ગોલ્ડ

એશિયન ગેમ્સ ૨૦૨૩માં મહિલા ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં ભારતના શુટર પલકે ગોલ્ડ મેળવ્યો છે. જ્યારે આ જ સ્પર્ધામાં પણ ઈશા સિંગે સિલ્વર મેળવ્યો છે. ભારતનો આ આઠમો ગોલ્ડ છે. એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતે અત્યાર સુધી ૩૦ મેડલ મેળવ્યા છે જેમાં આઠ ગોલ્ડ છે. ભારતને ૧૦ મીટર એર પિસ્તોલ સિંગલ્સ શુટિંગ સ્પર્ધામાં ગોલ્ડ સાથે સિલ્વર પણ મેળવ્યો છે. ૧૭ વર્ષની પલકે આ સ્પર્ધામાં ગોલ્ડ તો ૧૮ વર્ષની ઈશાએ સિલ્વર મેળવ્યો છે. ત્યારે આ એક જ સ્પર્ધામાં ભારતે ગોલ્ડ અને સિલ્વર બંને મેળવ્યા છે.એશિયન ગેમ્સ ૨૦૨૩માં છઠ્ઠા દિવસે ભારતે જોરદાર શરુઆત કરી છે. રાઈફલ શુટિંગમાં બે ગોલ્ડ જીત્યા છે. ઉપરાંત રાઈફલ શુટિંગમાં જ બે સિલ્વર પણ મેળવ્યા છે. ભારતના નામે અત્યાર સુધી ૮ ગોલ્ડ અને કુલ ૩૦ મેડલ થયા છે.

## ઉત્તર પ્રદેશમાં વિજળીની માંગમાં ૫ મેગાવોટ સુધીનો વધારો થઈ શકે છે

લખનૌ,તા.૨૯

આગામી સત્રથી ઉત્તર પ્રદેશમાં વીજળીની માંગમાં વધારો થઈ શખે છે. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાજ્યવાર વીજ માંગની આગાહી અનુસાર, ઉત્તર પ્રદેશમાં મહત્તમ વીજ માંગ ૨૦૨૪-૨૫માં વધીને ૩૧,૯૧૭ મેગાવોટ થઈ શકે છે, જે મહારાષ્ટ્રની ૩૨,૬૪૦ મેગાવોટની નજીક હશે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૨૦૨૪-૨૫ માટે અનુમાનિત પીક ડિમાન્ડ આ વર્ષે અત્યાર સુધીમાં નોંધાયેલી સૌથી વધુ માંગ ૨૮,૨૮૪ મેગાવોટ કરતાં લગભગ ૪,૦૦૦ મેગાવોટ વધુ છે.

આગાહી મુજબ, યુપીમાં સપ્ટેમ્બર ૨૦૨૪ માં સૌથી વધુ માંગ રહે તેવી અપેક્ષા છે. રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં સૌથી વધુ માંગ નોંધાઈ રહી છે.હકિકતમાં ૨૦૨૪-૨૫ માટે અનુમાનિત પીક ડિમાન્ડ આ વર્ષે અત્યાર સુધીમાં નોંધાયેલી સૌથી વધુ માંગ ૨૮,૨૮૪ મેગાવોટ કરતાં લગભગ ૪,૦૦૦ મેગાવોટ વધુ છે. એપ્રિલ ૨૦૨૪માં ૨૫,૩૭૯ મેગાવોટ, મેમાં ૨૮,૨૯૧ મેગાવોટ, જૂનમાં ૨૯,૮૫૩ મેગાવોટ, જુલાઈમાં ૩૦,૫૮૧ મેગાવોટ, ઓગસ્ટમાં ૩૧,૫૮૫ મેગાવોટ અને સપ્ટેમ્બરમાં ૩૧,૯૧૭ મેગાવોટની માંગ રહેવાનો અંદાજ છે.

યુપીપીસીએલના એક વરિષ્ઠ અધિકારી અનુસાર, આ વર્ષે પણ પીક ડિમાન્ડ ૨૮,૦૦૦ મેગાવોટના આંકને વટાવી ચૂકી છે તે જોતાં સીઈએ દ્વારા કરવામાં આવેલી માંગની આગાહી સાચી થવાની શક્યતા વધુ છે.યુપી સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલ અનુસાર, યુપીમાં સૌથી વધુ પીક ડિમાન્ડ નોંધાઈ છે. માર્ચ ૨૦૧૧-૧૨માં તે માત્ર ૧૧,૭૬૭ મેગાવોટ હતી.

## પંજાબના હોશિયારપુરમાં અકાલી નેતાની હત્યા : ૪ ગોળી વાગી

હોશિયારપુર,તા.૩૦

પંજાબના હોશિયારપુરમાં શિરોમણી અકાલી દળના નેતાની હત્યા કરવામાં આવી હતી. હોશિયારપુરથી ૧૫ કિલોમીટર દૂર તેમના ગામ મેગોવાલ ગંજિયામાં ગઈકાલે રાત્રે તેને ગોળી મારી દેવામાં આવી હતી. મૃતક નેતાની ઓળખ સુરજીત સિંહ અંખી તરીકે થઈ છે. ઘટના બાદ પોલીસે તપાસ શરૂ કરી છે.ગ્રામજનોએ જણાવ્યું કે સુરજીત સિંહ ગુરુવારે મોડી સાંજે અંખી ગામમાં એક કરિયાણાની દુકાન પર ઊભો હતો. આ દરમિયાન બાઈક પર બે યુવકો ત્યાં આવ્યા હતા. યુવાનોએ અંખી પર ધડાધડ ગોળીઓ વરસાવી હતી. ફાયરિંગમાં અંખીના પેટ અને છાતીના ભાગે ગોળીઓ વાગી હતી.

ફાયરિંગ કર્યા બાદ હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ફાયરિંગનો અવાજ સાંભળીને ગામના લોકો એકઠા થઈ ગયા. લોકોએ ઉતાવળમાં અંખીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. અહીંથી તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. તેમને ચાર ગોળીઓ વાગી હતી.

તેઓ એક વખત અકાલી દળની ટિકિટ પર અમૃતસરથી વિધાનસભાની ચૂંટણી પણ લડ્યા હતા. તેઓ બે વખત ગામના સરપંચ હતા અને હવે તેમની પત્ની ગામની સરપંચ છે.

## સુખપાલ સિંહ ખૈરા બાદ હવે મનપ્રીત બાદલ પર એક્શન, ૬ રાજ્યોમાં દરોડા

,ભટિંડા,તા.૨૯

ભટિંડામાં પ્રોપર્ટીની ખરીદીમાં કથિત કૌભાંડના સંબંધમાં કોર્ટે મનપ્રીત સિંહ બાદલ વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું હતું.પંજાબ વિજિલન્સ બ્યૂરોએ મનપ્રીત સિંહ બાદલ વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર બહાર પાડ્યા બાદ કોર્ટનો આદેશ આવ્યો છે. વિજિલન્સને શંકા છે કે મનપ્રીત બાદલ વિદેશ જવાની યોજના બનાવી રહ્યો છે. મનપ્રીત બાદલ દ્વારા દાખલ કરવામાં આવેલી આગોતરા જામીન માટેની અરજી પર પણ આજે સુનાવણી થવાની છે.ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦, ૬૬ હેઠળ વિજિલન્સ દ્વારા મનપ્રીત બાદલ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. વિજિલન્સ બ્યુરોએ ૨૦૨૧માં પૂર્વ ધારાસભ્ય સરૂપચંદ સિંગલાએ કરેલી ફરિયાદના આધારે કેસની તપાસ શરૂ કરી હતી. મોડલ ટાઉનમાં પ્લોટ ખરીદવાના મામલામાં વિજિલન્સ છેલ્લા ઘણા મહિનાઓથી મનપ્રીત બાદલ સામે તપાસ કરી રહી છે. આ પહેલા ૨૪ જુલાઈએ મનપ્રીત બાદલ વિજિલન્સ ઓફિસમાં હાજર થયા હતા.હાલ આ મામલે કોઈ પણ વિજિલન્સ અધિકારી બોલવા તૈયાર નથી.એફઆઈઆર નોંધાયા બાદ પોલીસે બાદલને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. મંગળવારે પણ અધિકારીઓએ તેના નિવાસસ્થાન અને અન્ય જાણીતી જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા, પરંતુ તે ક્યાંય મળ્યો ન હતો. પંજાબના પૂર્વ મંત્રી વિરુદ્ધ સોમવારે લુક આઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો છે. આ કેસમાં મનપ્રીત સિંહ બાદલ ઉપરાંત ભટિંડા ડેવલપમેન્ટ ઓથોરિટી ના પૂર્વ મુખ્ય પ્રશાસક બિક્રમજીત શેરગિલ, રાજીવ કુમાર, અમનદીપ સિંહ, વિકાસ અરોરા અને પંકજ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

## તંત્રી લેખ......

# ખાલિસ્તાન મુદ્દે અમેરિકાનો કેનેડાને સાથ

ડાબેરી ઝોક ધરાવતા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો દ્વારા ભારત પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના આરોપ લગાવતી સમયે એ માનવામાં આવ્યું કે ટ્રૂડો પોતાની ખરાબ થતી રાજકીય સ્થિતિને સંભાળવા માટે આવું કરી રહ્યા છે. તમામ સર્વેક્ષણોનું માનીએ તો કેનેડાની જનતામાં તેમની લોકપ્રિયતા સતત ઘટી રહી છે. જોકે તેમની સરકાર ખાલિસ્તાની તત્ત્વોના વર્ચસ્વવાળી એનડીપી પર નિર્ભર છે, તો એ દૃષ્ટિએ પણ એ સ્વાભાવિક લાગ્યું. જોકે જલ્દી એ સ્પષ્ટ થઈ ગયં કે માત્ર આજ પાસું ટ્રૂડોના વાહિયાત આરોપોનું કારણ નથી. અસલમાં ટ્રૂડો પશ્ચિમી રાજનીતિના એ જ વામપંથી ઉદારવાદી ટોળકીમાંથી આવે છે, જેનાથી અમેરિકામાં શાસન કરી રહેલી ડેમોક્રેટિક પાર્ટી અને રાષ્ટ્રપતિ બાઇડન આવે છે. ટ્રૂડોએ ભારત પર આરોપ લગાવતાં 'ફાઇવ આઇઝ' જૂથના દેશોમાંથી એક સાથે પણ નિજ્જરની હત્યાને લઈને ગુપ્ત જાણકારી વહેંચવાની વાત કહી. એવામાં ભારતમાં કયાસ લગાવવામાં આવ્યા કે ખબર નહીં એ કયો દેશ હશે. આ દરમ્યાન અમેરિકી મીડિયામાં એવા રિપોર્ટ આવવા લાગ્યા કે ટ્રૂડોએ જી-૨૦ સંમેલન પહેલાં જ અમેરિકા અને બીજા ફાઇવ આઇઝ દેશોને ભારત વિરુદ્ધ એક સંયુક્ત નિવેદન જારી કરવાનું કહ્યું હતું, પરંતુ બાઇડન પ્રશાસને ભારત સાથે સંબંધ બગડવાના ડરે એવું કરવાનો ઇનકાર કરી દીધો. એક અમેરિકી અખબારના આ સંબંધે આવેલ રિપોર્ટ પર અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની સત્તાવાર પ્રવક્તા એટલી વ્યગ્ર થઈ ગઈ કે તેણે કેનેડાના આરોપોને ચિંતાજનક ગણાવ્યા. પછી અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને કહ્યું કે ચાહે તે કોઈપણ દેશ હોય, કોઈને પણ આવી કાર્યવાહીની છૂટ નથી. તેમનો ઈશારો ભારત તરફ હતો. અમેરિકી વિદેશ મંત્રી બ્લિંકને પણ કહ્યું કે જો કેનેડાના આરોપ સાચા છે તો નિજ્જરની હત્યા 'આંતરરાષ્ટ્રીય દમન'ની શ્રેણીમાં આવશે. તેનો અર્થ થયો કે અમેરિકા ખાલિસ્તાની તત્ત્વોને આતંકી નહીં, પરંતુ અધિકારો માટે લડી રહેલા રાજકીય-માનવાધિકાર કાર્યકર્તાઓની જેમ જુએ છે, જેમનું 'દમન' થઈ રહ્યું છે. આ હિસાબે તો અમેરિકા દ્વારા લાદેન, જવાહિરી, બગદાદી અને ઇરાની જનરલ સુલેમાનીની બીજા દેશોમાં કરેલી હત્યા પણ દમનની શ્રેણીમાં આવવી જોઇએ.

# ભાજપ પ્રમુખ જે.પી.નડડા, અમીતશાહ અને આરઆરએસ ના નેતાઓ વચ્ચે બેઠક રદ

ભારતીય જનતા પાર્ટી ના રાષ્ટ્રીય અદયક્ષ શ્રી જે.પી.નડ્ડા અને રાષ્ટ્રીય નેતા ગૃહ પ્રધાન શ્રી અમીતશાહ અને આરઆરએસ ના મહાસચિવ સર સંઘ કાર્યવાહક શ્રી દત્તાત્રેય હોશબલે શ્રી સુરેશ સોની તથા સહ કાર્યવાહ શ્રી ડૉ.કૃષ્ણ ગોપાલ વચ્ચે આજે એક અગત્યની બેઠક યોજાનાર હતી પરંતુ છેલ્લી ઘડીએ આ બેઠક કેટલાક મહત્વ ના કારણોસર સદર બેઠક રદ થયેલ છે. શ્રી જે.પી.નડ્ડા અને શ્રી અમીતશાહ દિલ્હી પરત ફરવા રવાના થયેલ છે. આધારભૂત વર્તુળો તરફથી મળેલી વિશ્વાસુ માહિતી મુજબ સદર મિટીંગ માં રાજસ્થાનમાં જુથવાદ વસુંધરા રાજે સિધીયાની અવગણના કે તેમની ભાજપ થી દુરી તેમજ મધ્ય પ્રદેશનો ટીકીટોનો જુથવાદ પરિવર્તન યાત્રા કાર્યક્રમો મા ભીડ ગુજરાત ભાજપ માં ચાલી રહેલ સ્લીપર સેલ કાર્યકર અને નેતાઓ ની પ્રવૃતિ પ્રદેશ મોરચાઓ ના જવાબદાર નેતાઓ ના સ્ટેટમેન્ટો, પક્ષવિરોધી, નેતાઓ વિરોધી પત્રિકાઓ, કવિતાઓ દ્વારા વિરોધી પ્રવૃતિ ઓ સરકાર ના બોર્ડ નિગમમાં સરકારી બાબુઓ નો જમાવડો કેબીનેટ મંત્રી ઓનો બફાટ વગેરે બાબતે સંઘે આ તમામ ના હલ માટે એક રાજકીય તજજ્ઞ ની નિમણૂંક માટે અમીતશાહ, સી.આર.પાટીલ સુચીત કરવા છતાં આ નિમણુંક ન કરવાથી સંઘ અને ભાજપ ના નેતાઓ વચ્ચે એક બે દિવસમાં ગંભીર ચર્ચાઓ થાય તેવી શક્યતા ઓ છે જેના ગંભીર પ્રત્યાઘાતો પડવાની શકયતા ઓ નકારી ના શકાય ઉકળતો ચરુ ઠારવા ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખે સંગઠન માં મહત્વ ના હોદ્દા પર સંઘની ભલામણ અને પસંદગીવાળા ચહેરા ની , દરેક કાર્યકરો અગ્રણી નેતાઓના લોકપ્રિય ચહેરાની અને ઓબીસી ના લોકપ્રિય નેતા ની નિમણુંક કરવી ગુજરાત ભાજપ સંગઠન માટે હિતાવહ છે. તેવું સંઘ ભાજપ અને રાજકીય વિશ્રલેષકો નું માનવુ છે.



શ્રી રાજપૂત વિધાસભા , ગુજરાત આયોજિત ' Exibition cum sale' મા મુખ્ય મહેમાન પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી ભૂપેનદરસિહ ચુડાસમા સાહેબ અને પૂર્વ ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબને સ્વ લિખિત પુસ્તક " English grammar highlights " અર્પણ કરી રહેલ ટ્રસ્ટી હરિસિહ એસ.રાઠોડે અર્પણ કર્યું હતું નારણપુરાના સામાજીક કાર્યકર મનહરસિંહ વાઘેલાએ હરિસિહ રાઠોડને અંભિનંદન આપી જણાવ્યું હતું કે હરિસિંહ રાઠોડનુ બોર્ડ પરીક્ષામાં માર્ગદર્શન પરીક્ષાર્થીઓ માટે આશીર્વાદ રૂપ હોય છે

# રોટરી કલબ દ્વારા રોટરી ઉત્સવ

**રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા સાત ઑક્ટોબર, શનિવારે રાતે ૭.૩૦ વાગ્યાથી મલાડ વેસ્ટ ના અસ્પી ઓડિટોરિયમ ખાતે આયોજિત રોટરી ઉત્સવ માં ભગવાન કૃષ્ણ પર આધારિત સંગીત કાર્યક્રમ રખાયો છે. લેખિકા કાજલ ઓઝા, સંગીત પ્રહર વોરા, નિર્માણ હેમલ ઠકકર, દિગ્દર્શન કેદાર ભગતનું રહેશે. વધુ વિગત માટે રોટરી ક્લબ નાં પ્રમુખ પ્રીતિકા સામાણી, સેક્રેટરી વિપુલ ગગલાણી, ફંડ રેઝિંગ ચેરમેન ભરત ધ્રુવ, અન્ય હોદ્દેદારો, સભ્યોનો સંપર્ક કરવો. રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટની વિવિધ ક્ષેત્રમાંની સેવાના ૨૧ વર્ષની ઉજવણી કરવા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.**

# એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા 'વિશ્વ પ્રાણી દિવસ'ની ઉજવણી કરશે

ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઈન્ડિયા દ્વારા સમગ્ર ભારતમાં જીવજંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ અંગે લોકજાગૃતિ કેળવાય તેમજ તેમનું કલ્યાણ થાય તેવા ઉમદા અને પવિત્ર આશયથી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. ભારત સરકારનું એનીમલ વેલફેર બોર્ડ ઈન્ડિયા દ્વારા ૦૪ ઓકટોબર–૨૦૨૩, બુધવારે, ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, જનપથ, ન્યુ દિલ્હી ખાતે, 'વિશ્વ પ્રાણી દિવસ' નિમીતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર દિવસે જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય કરતા સેવકો માટે 'પ્રાણી મિત્ર એવોર્ડ' અને 'જીવદયા એવોર્ડ' એવોર્ડસની ઘોષણા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભારત સરકારનાં કેબીનેટ પશુપાલન મંત્રી પુરૂષોતમ રૂપાલાજી તથા રાજયકક્ષાના મંત્રી ડો. સંજીવ કુમાર બાલીયાન, ડો. એલ. મુરુગન ખાસ ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપશે.કાર્યક્રમમાં શ્રી અલ્કા ઉપાધ્યાય (સેક્રેટરી ડી.એ.એચ.ડી.), ડો. અભીજીત મિત્રા (કમીશ્નર—એનીમલ હસ્બન્ડરી), ડો. ઓ.પી. ચૌધરી (ચેરમેન—એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા), ડો. એસ.કે. દત્તા (સેક્રેટરી), ગીરીશભાઈ શાહ (મેમ્બર—એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા), ડો. જયેશ પરીખ, પ્રો. આર.એસ. ચૌહાણ (મેમ્બર—એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા), શ્રીમતી મનીષા ટી. કારીયા (એડવોકેટ—સુપ્રિમ કોર્ટ) વિગેરે મહાનુભાવો 'વિશ્વ પ્રાણી દિવસ' નિમીતે પોતાનું માર્ગદર્શન આપશે.

# ગણપતિ બાપ્પા ને પાણીમાં પધરાવી .... ઘરે આવીને તોરણો ઉતાર્યા

ગણપતિ બાપ્પા ને પાણીમાં પધરાવી .... ઘરે આવીને તોરણો ઉતાર્યા. જેનાં પર એ બિરાજમાન થયા હતા એ બાજઠ ઉઠાવ્યું ત્યારે એની નીચેથી એક ચિઠ્ઠી મળી એમણે લખેલું,



પ્રિય....

જે ધૂમધામ સાથે હું આવ્યો હતો .... એનાં કરતા વધારે ભવ્યતા અને ધામધૂમ સાથે જઈ રહ્યો છું.

જીવનમાં આગમન જેટલું શાનદાર હોય એનાં કરતા પણ વધારે ભવ્ય વિદાય હોવી જોઈએ હું અ-તિથિ નથી.

મારી તો આવવાની અને જવાની બેઉ તિથિ નક્કી હોય છે. જે ઘરમાં જાઉં ત્યાંનો થઈને રહું છું.

મારે તમને એક વાત કહેવી છે... સર્જનને જેવી રીતે સ્વીકારો છો- એવી રીતે જ વિસર્જનને પણ સ્વીકારતા શીખો. કશું ય આજીવન સાથે નથી રહેવાનું ક્યારેક ને ક્યારેક એને વહાવી દેવાનું છે- ડૂબાડી દેવાનું છે હાથે કરીને....

હું આવતા વર્ષે ફરી આવીશ...જુદા રંગ સાથે, જુદા કદ સાથે....યાદ રાખજો...તમને ગમતી પળો પણ મારી જેમ જ આવશે અને નિર્ધારિત સમય બાદ તમારે જ એને હાથે કરીને ડૂબાડી દેવી પડશે. નષ્ટ કરી નાંખવી પડશે.

જીંદગી એક ચક્ર છે પૂરું થશે ડૂબાડશો તો કંઈક ફરી ઉગશે....નવું ઉગાડશો તો ફરી વિસર્જિત તો કરવું જ પડશે....પણ એકવાત હંમેશા યાદ રાખજો કશું ક્યારેય સનાતન રહેતું નથી એટલે વિદાય આગમન કરતા પણ ભવ્ય હોવી જોઈએ....

ન ગમતી પળો પણ આવી જ રીતે વિસર્જિત થઈ જશે અને નવી પળો સર્જાશે....

# ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) દ્વારા "ગોકુલમ્ -ગૌ આધારિત અર્થવ્યવસ્થા લાઈવ વેબિનાર સિરીઝ"માં ૧૩ માં વેબીનારનું આયોજન

ભારત સરકાર ના પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ ચેરમેન, પૂર્વ સાંસદ ડૉ વલ્લભભાઈ કથીરિયા ના માર્ગદર્શન માં વિશ્વમાં પ્રથમ વખત ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) ગૌ સંવર્ધન પર આધારિત એક કાર્યક્રમ અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થાને સમર્પિત વ્યક્તિત્વ સાથેના સંવાદોની શ્રેણી તરીકે લાઈવ વેબિનાર 'ગોકુલમ - ગૌ આધારિત અર્થવ્યવસ્થા સિરીઝ'નું આયોજન થયું છે. આ વેબિનાર સિરીઝ ગૌ સંવર્ધન, ગૌ રક્ષણ , ગૌ આધારિત અર્થ વયસ્થાના પુનઃનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ મહત્ત્વપૂર્ણ વેબિનાર હેઠળ, ગૌ સંવર્ધન અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થા પર નિષ્ણાંત, રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય વક્તાઓ



માર્ગદર્શન આપે છે.

ગોકુલમ – ૧૩ માં ગૌ ટુરીઝમ ના પ્રચારક, કૃષ્ણાયન ગૌ શાળા ના સેવક, અને મધ્યપ્રદેશ સરકાર દ્વારા અનેક ગૌ શાળા ઓ ને લાભ અપાવનાર પ.પૂ.સ્વામી શ્રી રિષભ દેવાનંદજી શાસન ની સાથે સમન્વય કરી ને ગૌ શાળા ઓનું સંચાલન કેવી રીતે કરવું અને ગૌ વંશ ની ઉપયોગીતા કેવી રીતે વધારી શકાય એના પર માર્ગદર્શન આપશે.આ વેબિનાર ૩૦ સપ્ટેમ્બરે, શનિવારનાં રોજ સવારે ૧૧ કલાકે ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.)નાં ફેસબુક પેઈજ 'ઓફીશીયલ જી.સી.સી.આઇ' તેમજ યુ ટ્યુબ ચેનલ 'ગ્લોબલ કાઉ ફેડરેશન' પર લાઈવ કરવામાં આવશે.

વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯), પુરીશ કુમાર (મો.૮૮૫૩૫૮૪૭૧૫), અમિતાભ ભટનાગર (મો.૮૦૭૪૨૩૮૦૧૭) નો સંપર્ક કરવા યાદી માં જણાવ્યું છે.

# શ્રી એસ.કે. ચર્તુવેદી (અગ્ર મુખ્યવન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ) દ્વારા કોનોકાપર્સ રોપા ન ઉછેરવાના નિર્ણયને આવકારતું સદભાવના વૃધ્ધાશ્રમ પરીવાર

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા હાલમાં જ પર્યાવરણ ખૂબ મોટું નુકશાન પહોંચાડનાર કોનોકાપર્સ વૃક્ષોનો ઉછેર ન કરવાનો પર્યાવરણની જાળવણી માટે અતિ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે જે બદલ ગુજરાત સરકારનાં વન વિભાગ તથા શ્રી એસ.કે. ચર્તુવેદી (અગ્ર મુખ્યવન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ) નો સદભાવના વૃધ્ધાશ્રમ પરીવાર દ્વારા આભાર વ્યકત કરી નિર્ણયને આવકાર્યો હતો.



હાલમાં ગુજરાત સરકારના ધ્યાનમાં આવેલ કે, રાજયમાં વિદેશી પ્રજાતી કોનોકાર્પસના ઉછેરનો વ્યાપ વધી રહયો છે. જેના કારણે પર્યાવરણ અને માનવજીવન ઉપર નકારાત્મક અસરો ઉત્પન્ન થાય છે. કોનોકાર્પસના મૂળીયા જમીનમાં ઉંડે જાય છે અને ખૂબ જ વિકાસ પામે છે. જેના લીધે સંદેશાવ્યવહાર કેબલ, ઘણી ડ્રેનેજ લાઈનો અને તાજા પાણીની વ્યવસ્થાને નુકશાન થઈ રહયું છે. ખાસ કરીને આ વૃક્ષ શીયાળાની ઋતુમાં ફુલ આવે છે જેના પરાગરજકો આજુબાજુના વિસ્તારમાં ફેલાય છે જેના કારણે મનુષ્યોને શરદી, ઉધરસ, અસ્થમાં, એલર્જી વિગેરે જેવા અનેકો રોગો થવાની સંભાવના રહેલી છે.

સરકાર જેવી રીતે ગાંજાના છોડના ઉછેર ન કરવા માટે કટીબધ્ધ છે તેવી જ જો કાયમી ધોરણે કોનોકાપર્સ વૃક્ષનો ઉછેર ન થાય તે દિશામાં ચોકક્સ પગલાં લ્યે તો પર્યાવરણને ખૂબ જ મોટો ફાયદો થશે જો દેશીકુળના ફળ, ફુલ અને ઔષધીય વૃક્ષોનું વાવેતર કરવામાં આવે તો પર્યાવરણનું રક્ષણ થવાથી પશુ-પક્ષી અને જીવ જંતુનું ખૂબ મોટું રક્ષણ થશે અને માનવ જીવનને ખુબ મોટો ફાયદો થશે.

જે ૨૦ મીટર ઉંચું વધે છે. વાવેતર કરેલ વૃક્ષ મોટાભાગે એક જ પ્રકાંડવાળુ પરંતુ જયાં કુદરતી રીતે ઉગે છે તેવા વૃક્ષોમાં ઘણી બધી શાખાઓ હોય છે. પાંદડા સરળ અને ચળકતા, ૧૦ સે.મી. લાંબા, લેન્સ આકારના, આધાર પાસે સાંકડા અને ગાઢ સર્પાકારમાં ગોઠવાયેલ હોય છે. ફૂલો પીળાશ પડતાં લીલા, શાખાઓ પર ગોળકાર હેડ આકારના અને થોડા સુગંધીદાર. ફળ શુષ્ક, ગોળાકાર લીલા રંગના, કોન જેવા જે ભીંગડા જેવા નાના ઘણા સખત બીજ ધરાવે છે.

# શ્રાદ્ધનો મહિમા



દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષ આવે છે. શ્રાદ્ધ પક્ષને શરાદીયાં અથવા પિતૃપક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમનાં પિતૃઓ કૈલાસવાસી થયાં હોય, એ સહુનાં આત્માની શાંતિ માટે,આ માસમાં પૂજાવિધિ, શ્રાદ્ધ, તર્પણ, દાન પુણ્ય, ધર્મકાર્ય, તથા પિંડદાન વિગેરે વિધિવત કરવામાં આવે છે.એવું કહેવાય છે કે, પિતૃઓ દર મહિને સુક્ષ્મ સ્વરૂપે, પોતાના સંતાનો પાસે પિંડદાન લેવા માટે આવે છે, પરંતુ શ્રાદ્ધ પક્ષમાં તો પિતૃઓ અચૂક પિંડદાન લેવા માટે આવે છે, એવું આપણાં શાસ્ત્રોમાં તથા ધાર્મિક પુસ્તકોમાં લખેલું છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ પિંડદાન લઈને તૃપ્ત થાય છે અને પોતાનાં સંતાનોને આશીર્વાદ આપે છે. "શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક, પોતાનાં પિતૃઓની તૃપ્તિ અને શાંતિ માટે કરવામાં આવતું શુભકામ". ઘણાં લોકોની માન્યતા એવી પણ છે કે કોઈ કારણસર પોતાનાં પિતૃઓની દુર્ગતિ થઈ હોય તો શ્રાદ્ધ પક્ષમાં ભક્તિભાવપૂર્વક અને શ્રદ્ધાથી એમનાં પિતૃઓનું શ્રાદ્ધ, પિંડદાન કે તર્પણ કરવામાં આવે તો એમનાં પિતૃઓની સદગતિ થાય છે.

શ્રાદ્ધ કુલ ૧૫ દિવસનાં હોય છે. ભાદરવા વદ એકમથી લઈને ભાદરવા વદ અમાસ સુધીના સમયને શ્રાદ્ધ પક્ષ, શ્રાદ્ધ કે શરાધિયાં કહેવામાં આવે છે.શ્રાદ્ધ અલગ અલગ પ્રકારનાં હોય છે, જેમકે નાંદી શ્રાદ્ધ, જેમનાં સંતાનો બાલ્યાવસ્થામાં શ્રીજી ચરણ પામ્યા હોય તેઓનાં આત્માની શાંતિ માટે બાલાભોલાનું શ્રાદ્ધ, નોમના શ્રાદ્ધને ડોશીઓનાં નોમનું શ્રાદ્ધ કહેવામાં આવે છે. આ ઉપરાંત, પાંચમના શ્રાદ્ધને ભરણી શ્રાદ્ધ, છઠ્ઠના શ્રાદ્ધને કૃતિકા શ્રાદ્ધ કહેવામાં આવે છે.બારસના શ્રાદ્ધને સંન્યાસીઓના શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તેરસના શ્રાદ્ધને મઘા શ્રાદ્ધ કહેવામાં આવે છે. અકસ્માત કે અસ્ત્ર શસ્ત્રથી મૃત્યું પામેલાઓ માટે ચૌદશનું શ્રાદ્ધ અને છેલ્લે જાણે અજાણે કે ભુલેચૂકે કોઈના પણ પિતૃઓનું શ્રાદ્ધ કરવાનું નથી રહી ગયું હોય તો તેમને માટે સર્વપિતૃ અમાવસનું શ્રાદ્ધ કરવામાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં લોકો પોતાનાં પિતૃઓની મનપસંદ રસોઈ બનાવે છે, પરંતુ ખાસ કરીને ખીર, દૂધપાક, પુરી તથા ભજિયાં વિશેષ પ્રમાણમાં બનાવે છે. જેમનાં ઘરે પોતાના પિતૃઓનું શ્રાદ્ધ હોય તે દિવસે ઘરનાં સભ્યો વ્હેલા ઉઠી નાહી પરવારીને પૂજાપાઠ કરે છે અને તૈયાર થયેલ રસોઈમાંથી એક વાટકી કે ડીશ માં બધી રસોઈ થોડી થોડી મૂકીને અગાસી કે ધાબા ઉપર જઈને "કાગવાસ કાગવાસ" એમ બોલીને વાસ નાંખે છે અને કાગડાઓ આવીને આ વાસ આરોગે છે. લોકોની દૃઢ માન્યતા છે કે કાગડાના માધ્યમ થકી, શ્રાદ્ધ પક્ષમાં નાંખેલી વાસ એમનાં પિતૃઓ સુધી પહોંચે છે અને પિતૃઓ તૃપ્ત થઈને આશિષ આપે છે.હકીકતમાં આ કુદરતનો કરિશ્મા છે, કારણકે સામાન્ય દિવસોમાં આપણે સૌ કાગડાને અપશુકનિયાળ પક્ષી ગણીને ધિક્કારીએ છીએ અને તેનો કર્કશ અવાજ પણ આપણાંને બેચેન બનાવે છે. ખરેખર તો કાગડો એ કુદરતનો સફાઈ સેવક છે. આખું વર્ષ કાગડો માનવ વસ્તીની ગંદકી સાફ કરીને, વધેલું ઘટેલું કે એંઠવાડ આરોગીને ગંદકી, કોહવાટ કે સડો થતો અટકાવે છે. મરેલાં પશુ પક્ષીઓનાં મૃતદેહને પણ કાગડાઓ ફોલીને ખાઈ જાય છે. આમ આડકતરી રીતે કાગડાઓ સફાઈ કામ અને પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ બને છે.કાગડાઓના ગુરૂ શ્રી કાકભુસુંડીજી એ ભગવાન સાથે બહુ તાર્કિક દલીલો કરી અને જણાવ્યું કે મારા હાથ નીચેની કાગસેનાને પણ ક્યારેક તો સારી વસ્તુ ખાવાનાં અભરખા જાગે કે નહીં? કાકભુસુંડીની દલીલોથી રાજી થઈને ભગવાને જણાવ્યું કે મને તમારી કાગસેના આખું વર્ષ પર્યાવરણ જાળવવામાં આડકતરી રીતે મદદરૂપ થાય છે એના ફળસ્વરૂપે,દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષમાં પંદર દિવસ સુધી, જે માનવ સમૂદાય કાગસેનાને ધિક્કારે છે એજ માનવ સમૂદાય હોંશે હોંશે તમારી કાગસેનાને સામે ચાલીને અને આવાહન આપીને કાગવાસના રૂપમાં સારી સારી વાનગીઓ જમાડશે. માટે દર વર્ષે આપણે શ્રાદ્ધ પક્ષમાં આપણાં પિતૃઓનાં આત્માની શાંતિ માટે કાગવાસ નાંખીએ છીએ.આમ કુદરતે મનુષ્યને હાથો બનાવીને, કાગસેનાને વર્ષમાં એક વખત સારૂં જમવાનું મળી રહે એવી વ્યવસ્થા કરીને કાગડાઓ પ્રત્યેનું ઋણ ચૂકવી દીધું છે.

ભગવાન રામચંદ્રે પણ વનવાસ દરમિયાન એમના મૃત પિતા રાજા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું. મુનિશ્રેષ્ઠ પરશુરામે પણ એમના દિવંગત પિતા શ્રી જમદગ્નિ મુનિના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ કર્યાના દાખલા શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.આમ શ્રાદ્ધ કરવાની પરંપરા વર્ષોપુરાણી છે. સામાન્ય રીતે શ્રાદ્ધ નદીના કિનારે અથવા ત્રિવેણી સંગમ પાસે કરવાનો અનેરો મહિમા છે.માતાનું શ્રાદ્ધ ગુજરાતમાં આવેલા સિદ્ધપુર ખાતે તથા પિતાનું શ્રાદ્ધ બિહારમાં આવેલા ગયાજીમાં કરવાનો અનોખો મહિમા છે.આ ઉપરાંત નર્મદા કિનારે (ચાણોદ), કરનાળી ખાતે, કાશી, હરિદ્વારમાં ગંગા કિનારે, રાજસ્થાનમાં પુષ્કર ખાતે, કચ્છમાં નારાયણ સરોવર ખાતે, મથુરામાં યમુના કિનારે વિશ્રામ ઘાટ ખાતે શ્રાદ્ધ કરવાથી પિતૃઓના આતમને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. માત પિતા કે વડીલોનું શ્રાદ્ધ કરવુંએ દરેક સંતાનોની ફરજમાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં કોઈ શુભ કાર્ય થઈ શકતું નથી. શ્રાદ્ધ પક્ષમાં ડુંગળી તથા લસણ જેવા તામસી ગુણધર્મ ધરાવતા કંદમૂળ ખાવા ઉપર નિષેધ છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓના આશીર્વાદ લેવા માટે પિતૃઓનું ભક્તિભાવપૂર્વક આવાહન કરી એમનું શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરી બ્રાહ્મણોને જમાડી દાન દક્ષિણા આપવી જોઈએ.પિતૃઓની છબી સમક્ષ ધૂપ, દીપ અને અગરબત્તી કરી પ્રાર્થનાપૂર્વક નમસ્કાર કરવા જોઈએ.ટૂંકમાં શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓના આત્માની શાંતિ માટે કરવામાં આવતું કામ.

યોગેશભાઈ આર જોશી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







N.O.G. S. S.No. 0102.
વિષય,:- માતાજીનો આનંદનો પ્રાગટ્ય ઉત્સવ.
શીર્ષક :-અંબામાનો પ્રાગટ્ય મહોત્સવ.
શબ્દ સંખ્યા :-૨૯૦.
લેખક:- રતીલાલ વાયડા
રચના:-

ભાદરવી સુદ પૂનમ અને જગતજનની માતાઅંબા માનો પ્રાગટ્ય ઉત્સવ છે.

હજારો વર્ષોથી માતા અંબેમાનો આ ઉત્સવ દર વર્ષે ઉજવવામાં આવે છે . માતા આરાસુરી અંબાભાનું બાવન શક્તિપીઠોમાં સમાવેશ થાય છે અને માતાજીનું હૃદય અહીંયા બિરાજમાન છે તેવું માનવામાં આવે છે.

અંબામાં ભગવાન શ્રીકૃષ્ણના આરાધ્ય દેવી છે અને તેના ચૌલ સંસ્કાર ત્યાં કરવામાં આવ્યા હતા તેઓ શાસ્ત્રમાં ઉલ્લેખ છે.

માતા અંબાજીની કોઈ મૂર્તિ નથી, તેની સ્થાપના યંત્ર ઉપર કરવામાં આવી છે અને પૂજારીઓ રોજબરોજ તેને જુદા જુદા સ્વરૂપ આપી અને માતાજીના લોકોને દર્શન કરાવે છે.

માતાજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે મહોત્સવની ઉજવણી માટે લાખો લોકો ત્યાં એકઠા થાય છે. કેટલા બધા પદયાત્રીઓ દિવસો પહેલા પોતાના ગામથી માતાજીના દર્શન કરવા પધારે છે.

માતાજીના સોનેરી શિખર અને તેના ઉપર રહેલા કળશ શોભાયમાન લાગે છે . માતાજીના મંદિરને લાઈટ વગેરેથી ખૂબ ડેકોરેશન કરવામાં આવેલું છે .ખૂબ મોટા પટાંગરની અંદર બધા લોકો ભેગા થઈ રાસ ગરબા માતાજીના ભજનની રમઝટ બોલાવતા હોતા હોય છે.

માતાજીને સુંદર વસ્ત્રો અને અલંકારો સોના ચાંદીના હીરા મોતીના દાગીનાઓ અને. ફુલ હારથી સુશોભિત કરવામાં આવે છે. પ્રણાલીકા પ્રમાણે ભોગ અને આરતી માતાજી ને ધરવામાં આવે છે.

લોકો પણ પોતાની ઈચ્છા પ્રમાણે માતાજીને વસ્ત્રો અલંકારો દાગીનાઓ તેમજ નાળિયેર પ્રસાદ ચુંદડી સાડી વગેરે ધરાવતા હોતા હોય છે . માતાજીની પાસે પોતાની મનોકામના વ્યક્ત કરે છે અને માતાજી તે મનોકામનાઓ પૂર્ણ કરે છે.

આખા ગામને પણ સુંદર રીતે શણગારવામાં આવે છે. લોકોની ભીડ ચારે તરફ જોવા મળે છે. આ માતાજીના પ્રાગટ્ય મહોત્સવમાં લગભગ દસ થી પંદર લાખ લોકો એકઠા થાય છે. માતાજીના દર્શન કરે છે અને આનંદ પ્રાપ્ત કરે છે.

આ કળયુગમાં માતાજી સાક્ષાત છે . લોકો તેનો અનુભવ કરે છે અને તેના ચમત્કારો આજે પણ લોકને. જોવા મળે છે . માતાજી પાસે ખરા હૃદયથી તમે જે ઈચ્છાઓ વ્યક્ત કરો તે ઈચ્છા પૂર્ણ થાય છે. તેથી જ લોકો દર વર્ષે અહીંયા માતાજીના દર્શનને આવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ગજીજી ર્દ્ગ:૧૫૩
વિષય: "શક્તિ અને શ્રધ્ધા નું ઘોડાપૂર- ભાદરવી પૂનમ" શીર્ષક:"જય જય અંબે"
પ્રકાર:ગધ્ય. શબ્દો:૧૪૭ લેખક નું નામ: જિતેન્દ્ર શાહ.

ભાદરવી પૂનમ નાં અંબાજી નાં પદયાત્રી મેળા માં ભક્તો નું શકિત અને શ્રધ્ધા નું ઘોડાપુર ઊમટે છે.ઘણાં ભક્તો ચાલી ને પદયાત્રા કરી અંબાજી પહોંચે છે,જ્યારે બાકી નાં એસ.ટી. દ્વારા કે પોતાનાં વાહન દ્વારા દર્શનાર્થે ઊમટે છે.મા અંબા પ્રત્યે નો ભકિતભાવ ગણો કે શ્રધ્ધા ગણો કે તેમનું શકિત નું સ્તોત્ર ગણો ભક્તજનો લાગણી નાં વહેણ માં તણાઈ જાય છે.ગુજરાત એસ.ટી. તંત્રે ૧૫૦૦ એકસ્ટ્રા બસો દોડાવી ભક્તો નું ધ્યાન રાખ્યું. આપણે કોઈ મોટીવેશન સ્પીકર નું લેક્ચર સાભળીયે છીએ અને આપણી અંદર કોન્ફીડન્સ નો ધોધ વહે છે,આ તો માતા તરફ ની આપણી અસીમ શ્રધ્ધા થી આપણી અંદર શકિત નું ઘોડાપુર વહે છે કે જે તમારી અંદર રહેલી સુષુપ્ત શકિત ને જાગૃત કરે છે અને તમે સંસાર માં છવાઈ જાઓ છો. ??બોલ માડી અંબે,જય જય અંબે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 120
પ્રકાર: હાઈકુ
વિષય : અંબાજી મેળો
શીર્ષક : અંબાજી
શબ્દો : ૯૨
નામ : ડૉ રમીલાબેન ડી મકવાણા (રમા)
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★અંબાજી★

ભાદરવી પૂનમનો મેળો અંબાજી,
સૌ લોક મેળામાં જાય અંબાજી,
ઠેર ઠેર સેવા કેમ્પ યોજાતા હોય,
પગપાળા હાલતા જય અંબાજી.

પાંચ દિવસનો મેળો અંબાજી,
શ્રદ્ધાળુઓ મેળે જાય અંબાજી,
માનવ મહેરામણ ઉમટે મેળામાં,
આસ્થા પુરી કરવા જાય અંબાજી.

દૂર દૂરથી સંઘો આવે અંબાજી,
લાંબી ધજાઓ લાવે અંબાજી,
ગીતો ગાતાં ગાતાં આવતાં લોકો
શાંતિનો સંદેશો મળતો અંબાજી.
સોનાનાં વરખનુ મંદિર અંબાજી,
સિંહ ની સવારી કરે મા અંબાજી,
લોકોની સેવાનું મહત્વ સમજાય,
ભાતીગળ મેળો ભરાય અંબાજી.
દુ:ખીયાને સુખીયા આવે અંબાજી,
માતાને મઢડે માથું ટેકવે અંબાજી,
દર્શન કરી પાવન થાય માઈ ભગતો,
બોલ મારી અંબે બોલતા આવે અંબાજી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 089

વિષય ભાદરવા સુદ પૂનમ

શીર્ષક શ્રાદ્ધનો શુભારંભ

પ્રવિણા કડકિઆ

---

ખૂબ પ્રેમ પૂર્વક કુટુંબમાંથી વિદાય થયેલાને યાદ કરવાના પવિત્ર દિવસો. આવ્યા એટલે જવાના એ નક્કી. તેમની ખાલી પડેલી જગ્યા કદી પૂરાઈ ન શકે.

એ માતા , પિતા , સાસુ, સસરા કે પછી સહુથી પ્રિયજન કેમ ન હોય ! જીવનમાં દરેક વ્યક્તિ એક એવું સ્થાન ધરાવે છે કે તેની અદલાબદલી કદી સંભવ નથી.

ભાદરવાની પૂનમથી અમાસ સુધીના ૧૬ દિવસો ખૂબ લાગણીથી ઊભરાતા હોય છે. દિલ દ્રવી જાય અને પ્રેમની ગંગા સતત વહેતી હોય .

જનાર સાથે કોઈ જતું નથી એ સત્ય છે. કિંતુ મધુરી યાદ સદા દિલમાં લહેરાતી હોય છે. સહુને ખબર છે તયાર પછી નવરાત્રી અને દિવાળીનું ધુમધામથી આગમન થાય છે.

શ્રાદ્ધના દિવસોમાં જનારને પ્રેમ પૂર્વક યાદ કરી તેમને મનગમતી બધી વાનગીઓ બનાવી કુટુંબી જનો. સંગે માણીએ છીએ.

બને ત્યાં સુધી તેમના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરી જરુરિયાતમંદોને રાજી રાખવાનો પ્રયાસ આદરીએ છીંએ.

તેમની યાદમાં થાય તેટલા સત્કાર્યો કરવાનો પ્રયત્ન જારી રહે છે. ગયેલું કોઈ પાછું આવતું નથી.

જીવનમાં પડેલો ઘા તાજો થાય છે. યાદ ચિતારે તરફ ફેલાઈ હાજરીનો માહોલ પેદા કરે છે. માનવ સ્વભાવની આ તો કમાલ છે.

ચાલો વિયોગ પામેલાને યાદ કરી આજે ઘીનો દીવો પરગટાવી તેમની યાદની જયોત જલાવીએ. પ્યારથી તેમના સંસ્મરણો વાગોળીએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G S.S No.: 130
વિષય - શક્તિ અને શ્રદ્ધાનું ઘોડાપૂર - ભાદરવી પૂનમ
શીર્ષક - શ્રદ્ધા અને શક્તિ
શબ્દો - ૧૪૫
લેખક - જાનકી સોની

આજે નાના શેઠને ત્યાં ભાદરવી પૂનમ માટે તડામાર તૈયારીઓ ચાલતી હતી. ધજા ચડાવવા માટે અને પૂજા માટેની બધી સાધન સામગ્રી આવી ગઈ હતી. નાના શેઠાણી કહેતા હતા કે માતાજી માટે તેઓ થોડું પણ જેમ તેમ નહિ ચલાવી લે અને તેઓ કહેતા કે માતાજી માટે સહેજ પણ ભૂલ ચૂક થાય તો માતાજી કોપાયમાન થઈ જાય. પગપાળા સંઘ નીકળવાનો હોવાથી ઘણાં બધા કુટુંબીજનો એક-બે દિવસ પહેલા જ નાના શેઠને ત્યાં આવી ગયા હતા. રાતે કોઈ દૂરના સંબંધીએ નાના શેઠાણીને પૂછ્યું કે ભીંત પર કોનો ફોટો લગાવેલો છે? નાના શેઠાણી બોલ્યા કે અમારી મોટી વહુનો ફોટો છે જે નાની ઉંમરમાં જ નજીવી બીમારીને કારણે મૃત્યુ પામી. પાછળ અમુક લોકોનો ગણગણાટ સંભળાયો કે મોટી વહુએ માનસિક ત્રાસના લીધે આપઘાત કર્યો હતો અને આ બાજુ નાના શેઠાણી ઘરનાં નોકરોને સૂચના આપી રહ્યા હતા કે પૂજા સામગ્રીમાં કશું પણ આડું-અવળું ના થવું જોઈએ નહિ તો શક્તિ સ્વરૂપ માતાજી કોપાયમાન થશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No_106
વિષય-"શક્તિ
આભાર - નિહારીકા રવિયા અને શ્રધ્ધાનું ઘોડાપૂર-ભાદરવી પૂનમ"
શીર્ષક- "સ્રોત! અખંડ -
શ્રદ્ધા શક્તિનો"
શબ્દ-૨૩૪
નામ-મુક્તિદા કુમાર 'રુપલી'
ooooooooooooooo

શક્રાદય સ્તુતિ,જ્યારે પણ
વાંચીએ કે બોલીએ, ત્યારે રુંવાડાં ઊભાં થઈ જાય છે!
નવરાત્રિમાં અષ્ટમીના હવન વખતે નાળિયેર હોમાય, ત્યારે બ્રાહ્મણોના બુલંદ અવાજે શક્રાદય સાંભળીએ"" ત્યારે એ અવાજના પડઘા હવનના અગ્નિની જ્વાળાઓમાંથી, એ શક્તિના રૂપે,ચારેકોર ફેલાતા હોય, પથરાતા હોય એવો અનુભવ થાય છે,તે હકીકત છે.
શક્તિ ના તારી કળાય રે હો અંબિકા!
તું ચૌદભુવનની માત રે ઓ અંબિકા!
અખિલ વિશ્વની જગ જનની છો..
ગુણલા તારા ગવાય રે ઓ અંબિકા!
સામાન્ય રીતે પહાડ ઉપર જ માતાજીનો નિવાસ હોય.
મઢમાં માવડી એવી તો બિરાજમાન હોય કે
માનવનો મનખો, એને મળવા, શારીરિક તકલીફો સહન કરીને ગમેતે રીતે પહોંચી જાય!
અંબાજીના પર્વત ઉપર જગજ્જનની મા અંબા બિરાજમાન છે.
મા અંબાની કૃપા તો અવિરત આપણી ઉપર વહેતી જ રહે છે.
માને બોલાવો,સ્થાપન કરો, તો જ મા પધારે એવું તો નથી. પણ માને મળવા બાળુડાં બધાં જ ભેગાં થાય.આનંદ કરે એમાટે પણ દિવસ નક્કી હોય તો વધારે આનંદ થાય.એટલે ભાદરવી પૂનમના, આપણે બાળુડાં, મા અંબાને રીઝવવા અંબાજીના ચૉકે આરાધના કરવા તથા ગોખે ઘૂમવા,પહોંચી જઈએ છીએ.
કારણકે મા ઉપર આપણને અખંડ અને અતૂટ શ્રદ્ધા છે.
ભાદરવીપૂનમનો
માનવ મહેરામણ જ
વિશ્વાસ-શ્રદ્ધા-શક્તિનો પુંજ છે!
મા અંબાની ગોદમાં માનવમહેરામણ ઊછાળા મારે!
માત રમાડે, બાળુડાં રમે એ
સૌને ગમે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.:0101**
વિષય:શક્તિ અને શ્રદ્ધાનું ઘોડાપૂર-ભાદરવી પૂનમ
શીર્ષક: અંબાજીનો મેળો અને પૂનમનું શ્રાદ્ધ
શબ્દ: ૩૨૮
નામ: ભરત સાંગાણી

અંબાજીનો મેળો બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી મુકામે યોજાય છે. પાલનપુરથી ૫૦ કિલોમીટર દુર અંબાજીમાં દર પૂનમે મેળા જેવું જ વાતાવરણ સર્જાય છે. પણ, બધામાં કારતક, ચૈત્ર, ભાદરવો અને આસો મહિનાની પૂનમના દિવસે અહી મોટા મેળા યોજાય છે. જેમાં 'ભાદરવી પૂનમનો મેળો' ખુબ મહત્વપૂર્ણ અને મોટો મેળો છે.
અહીં ભક્તો ઊંચા અવાજે શક્રાદય સ્તુતિનું પઠન કરી માતાજીને પ્રાર્થના કરે છે. પૂર્ણિમાના દિવસે માતાજીને વિવિધ શણગારો સજી શોભાયમાન કરવામાં આવે છે. ત્યારે બ્રાહ્મણો સપ્તશતીનું પઠન કરતા હોય છે. ભાદરવી પૂનમે ગુજરાતમાંથી તેમજ દેશના અન્ય રાજ્યો અને વિદેશથીમાંથી પણ અંબાજી માતાના ભક્તો દર્શન કરવા આવતા છે. અહી મંદિરમાં કોઈ પ્રતિમા કે ચિત્રની પૂજા કરવામાં આવતી નથી પણ 'શ્રી વિસાયંત્ર'નું પૂજન કરવામાં આવે છે. પૂર્ણિમાના દિવસે માતાજીના દર્શને કરવા આવતા વિવિધ સંઘો દ્વારા અહી ભવાઈ અને ચાચર ચોકમાં રાસગરબાનું અદ્ભુત આયોજન કરવામાં છે. અહીં મંદિર પરિસરમાં જ ઢોલ-પખવાજના તાલે માતાજીના ભક્તો સરસ રાસગરબા રમે છે. અંબાજીના આ મહામેળામાં ૨૫ લાખથી વધુ ભક્તો માતાજીના દર્શન કરવા આવે છે. આ પવિત્ર મહાપર્વના દિવસોમાં, અંબાજી જતા તમામ રસ્તાઓ, યાત્રાળુઓથી ભરેલા હોય છે.
આ પ્રસંગે, સમગ્ર મંદિર પરિસર અને અંબાજી ગામને પણ શણગારવામાં આવે છે. માતાજીની ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. હવે દર રવિવારે પણ અંબાજી ખાતે મેળા જેવો માહોલ સર્જાય છે.
ભાદરવી પૂનમથી પછી શ્રાદ્ધ પક્ષ શરૂ થાય છે. સોળ દિવસનો શ્રાદ્ધ પક્ષ રહે છે. ત્યારબાદ નવરાત્રી આવે છે. ભાદ્રપદની પૂનમનું વિશેષ મહત્વ છે. જે જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે.
ભાદ્રપદ પૂર્ણિમાના દિવસે ભગવાન વિષ્ણુના સત્યનારાયણ સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.
આ દિવસે ઉમા મહેશ્વર વ્રત પણ રાખવામાં આવે છે.
આ વ્રત ખાસ કરીને સ્ત્રીઓ કરે છે.
આ વ્રત રાખવાથી બાળક માત્ર બુદ્ધિશાળી બને છે એટલું જ નહીં, આ વ્રત સૌભાગ્ય આપનાર પણ માનવામાં આવે છે.
પૂર્ણિમાનું શ્રાદ્ધ: પૂર્ણિમાના દિવસે મૃત્યુ પામેલા લોકોનું શ્રાદ્ધ ભાદ્રપદ શુક્લ પૂર્ણિમા અથવા અશ્વિન કૃષ્ણ અમાવસ્યાના દિવસે જ કરવામાં આવે છે. તેને પ્રોસ્થપદી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. જો કે, એવું કહેવાય છે કે જો કોઈ સ્ત્રીનું મૃત્યુ પૂર્ણિમાના દિવસે થયું હોય, તો તેનું શ્રાદ્ધ અષ્ટમી, દ્વાદશી અથવા પિતૃમોક્ષ અમાવસ્યા પર પણ કરી શકાય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No. : 0112*
★વિષય : " શક્તિ અને શ્રધ્ધાનું ઘોડાપૂર - ભાદરવી પૂનમ "★
★શીર્ષક : "માઁ " નુ રટણ !★
અરજ કરુ આરાસુરી, માઁ વંદુ હુ વારંવાર,
બાલુડા તારા વિનવે, માં ઉગારજે ભવ પાર,
ઉગમણા તારા બેસણા, મલકાય છે તારુ મુખ,
દુઃખીયા આવે તારી પારે, માડી હરતી સર્વ દુઃખ

કરજોડી ને કરગરે ,અંબા તુ સકલ જગત ની માઁ,
વિપતે આવે દોડતી , હરખાય ઉજળા દિલ ની માઁ,

સકલ શ્રુષ્ટિ ની દાતા, વિઘ્નહર્તા વરદાયની વિરાટ,
પલ પલ ક્ષણ ક્ષણ રટણ કરુ, માઁ ધરે રુપ વિરાટ

ગગન ગોખ ડુંગર તટે, તુ વિચરતી રહેતી માત,
ભોળા ભક્તો ના દિલ માં તુ સદાય વસતી માત,
માઁ ના ગુણલા ગાતા, અમ મનડા બહુ હરખાય,
" રાજ " માઁ ના શરણે, માનવીઓ પગપાળા જાય
રચના,,,
રાજેશભાઈ એસ કુકરવાડિયા,
( વ્યાસ ) ધ્રુવનગર,,, મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO-154
વિષય: "શક્તિ અને શ્રધ્ધાનું ઘોડાપૂર-ભાદરવી પૂનમ"
શીર્ષક: અંબાજીનો મેળાનું મહાત્મ્ય
શબ્દો:-૧૪૨

અંબાજીમાં ભાદરવી પૂનમના મેળો ભરાય છે. દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટી પડે છે. અંબાજી મંદિર સોળે કળાએ ખીલી ઉઠે છે. રોશનીથી ઝળહળી ઊઠે છે. ૩૦ લાખ જેટલાં ભાવીકો દર્શનાર્થે આવે છે. ભાવિક ભક્તોની સેવા કરવા સેવકો અને સેવિકાઓ ખડેપગે હોય છે. પગપાળા સંઘમાં આવતાં દર્શનાર્થીઓ માટે સુચારૂ વ્યવસ્થા, સેવા કેમ્પો, મેડિકલ સેવા ઉપરાંત ચા, નાસ્તા, પાણી અને ભોજનની પણ વ્યવસ્થા કરી હોય છે. મંદિર તરફથી ટ્રસ્ટ દ્વારા ભાવિકોને ઝડપથી દર્શનનો લાભ મળે તેની વ્યવસ્થા કરેલી હોય છે.

મા અંબાની ભૂમિમાં એક ચુંબકીય તાકાત અને સમગ્ર સંસારને ચલાવવાની શક્તિ છે. આરાસુરી મા અંબાની ત્રણ પૂજા દરમિયાન જુદાં જુદાં અલંકારો અને વસ્ત્રો એટલાં આબેહૂબ હોય છે કે સવારે મા જગદંબા બાળ સ્વરૂપ, બપોરે યુવા સ્વરૂપ અને સાંજે પ્રૌઢા સ્વરૂપમાં દેખાય છે. ૫૧ શક્તિપીઠની એક શક્તિપીઠ એટલે અંબાજી.
મનમાં ધર્મ, શરીરમાં શ્રમ અને કર્મની હામ સાથે હૃદયમાં આરાસુરી મા અંબાની શ્રધ્ધાને ભાદરવી પૂનમ સાર્થક કરે છે.
બીના એન પીઠડીયા 'વૈદેહી'.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0092
પ્રકાર:-પદ્ય
વિષય:- શક્તિ અને શ્રદ્ધાનું ઘોડાપૂર - ભાદરવી પૂનમ
શિર્ષક:- મા સમક્ષ અરજી

ભય ને ભ્રષ્ટાચારથી દેશ ભાંગી રહ્યો,
આજીજી કરી મા તુજ સમક્ષ આજ માંગી રહ્યો.
દાતારો માં તું દાતાર મોટી મા જગદંબે!
બાળ તારો તુજ દ્વારે આવી અરજ નાંખી રહ્યો.

અકસ્માતોનો કોઈ તોટો નથી,
ભય આતંકથી કોઈ મોટો નથી.
અસુરોને હણનારી તુજ આદ્યશક્તિ,
જગતમાં તારો કોઈ જોટો નથી.

સન્માન નારીનું છડેચોક હણાય છે,
ગરીબો સરેઆમ લૂંટાય છે.
રાજકારણીઓને ઘી- કેળા થાય છે,
મા ! તારા વિના કોને આ દેખાય છે?

તારું પ્રાકટ્ય થયું દૈત્યોને હણવા કાજ,
યુગ બદલાયા પણ નથી બદલાયું એ રાજ.
ઉતરો મા ગબ્બર ગોખથી ને,
રાખો તમારા ભક્તોની લાજ.

પગપાળા ચાલીને આવી છું,
ધજા બાવન ગજની હું
આભાર - નિહારીકા રવિયા સાથે લાવી છું.
આ અસાર સંસારમાં ક્યાં હું ફાવી છું?
તેથી જ તો તારે શરણ મા આવી છું.

તારો પ્રાકટ્ય દિન કેવો સોહામણો છે,
ભક્તોને મન આજે બાકી મનોરથ વામણો છે.
તારા દર્શન હેતુ આ માનવ મહેરામણો છે,
જીવનમાં બાકી રોજ નવી અથડામણો છે.

પૂર્ણિમાએ દેદીપ્યમાન રૂપ તારું બતાવી દે મા!
શીતળતા ભક્તોના જીવને રેલાવી દે મા.
સંઘર્ષોનો સામનો કરવાની શક્તિ આપી દેને મા,
ભારત માતાને સુજલામ, સુફલામ્ કરી સ્થાપી દેને મા!

અલકા નવિનચંદ્ર મહેતા

# કચ્છની ખાડીમાંથી ૮૦૦ કરોડનું કોકેઈન ઝડપાયું. ડ્રગ્સનો વેપાર કરનાર કેમ પકડાતા નથી ? અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ પણ મોકલનાર કે ખરીદનાર કેમ પકડાતા નથી ? ગજબ કહેવાય... !

દેશના ભવિષ્ય સમા યુવાનોને નશા, વ્યસનના અધંકારમાં ધકેલવાનું સુનિયોજિત ષડયંત્રને ડામવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પૂજય મહાત્મા ગાંધી-સરદારની ભૂમિ ગુજરાત સુખ, શાંતિ, સલામતી અને એકતા માટે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતનો ઈતિહાસ ગાંધી-સરદારનો વારસો છે. પરંતુ ભાજપ સરકારે ગુજરાતનું ભવિષ્ય એવા યુવાનોને ડ્રગ્સના હવાલે સોંપી દીધું છે. દેશમાં ડ્રગ્સનું સૌથી મોટું પ્રવેશદ્વાર કેમ ગુજરાતની ભૂમિ બની રહી છે? કચ્છમાંથી ૮૦૦ કરોડ રૂપિયાનું ૮૦ કિલોથી વધુ ડ્રગ્સ કોકેઈન દરિયાકિનારે બિનવારસી સ્થિતીમાં મળી આવ્યું. દેશમાં ડ્રગ્સ-નશીલા પદાર્થોના વેપારનું મુખ્યદ્વાર ભાજપ સરકારનાં શાસનમાં ગુજરાત રાજય બન્યું છે. સમગ્ર દેશમાં નશીલા પદાર્થ - ડ્રગ્સ પહોંચાડવા માટેનું ગુજરાત રાજ્ય એપી સેન્ટર બન્યું છે. સરકારની ઢીલી નીતિના કારણે ડ્રગ્સ પેડલર્સ - ડ્રગ્સ માફીયાઓમાં પોલીસ અને પ્રશાસનને જરાય ડર રહ્યો નથી. જેના પગલે ગુજરાતમાં ખુલ્લેઆમ દારુ, જુગારની સાથે સાથે ડ્રગ્સ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે. જે આપણા સૌ ગુજરાતીઓ માટે ખૂબ ચિંતાનો વિષય છે. ગુજરાતમાં છાસવારે પકડાતું ડ્રગ્સ અને નશીલા પદાર્થોના નાની માછલીઓ પકડી મોટા મગરમચ્છો પકડવામાં અને ડ્રગ્સના નેક્શસને તોડવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. તેવું એક પછી એક ઘટનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે. ડ્રગ્સ - માદક - નશીલા પદાર્થોના સુનિયોજિત વ્યાપારને કારણે યુવા પેઢીનું ભવિષ્ય અંધકારમાં ધકેલાઈ રહ્યું છે. સુનિયોજીત રીતે ચાલતા ડ્રગ્સના વ્યાપારને રોકવાને બદલે ભાજપ સરકારના શાસનમાં ડ્રગ્સનો વેપલો ફુલ્યો ફાલ્યો છે ત્યારે નાર્કોટીક્સ ડીપાર્ટમેન્ટ, ડી.આર.આઈ., ઈ.ડી., સી.બી.આઈ. સહિતની સંસ્થાઓને વિપક્ષના નેતા - આગેવાનો પાછળ લગાવવાના બદલે ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોને સુરક્ષાને કેન્દ્ર સ્થાને રાખી હોત તો આજે ગુજરાત ડ્રગ્સના વેપારનું એપી સેન્ટર ન બન્યું હોત... !

છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૦૦ કિગ્રા થી વધુ ડ્રગ્સનો જથ્થો પકડાયો જેની કિંમત આશરે ૫૦,૦૦૦ કરોડ થી વધુ થાય છે ત્યારે ન પકડાયેલ જથ્થો કેટલો જંગી હશે તેની કલ્પનાથી દેશના યુવાનોના ભવિષ્ય કેટલું બરબાદ થશે ? તે અતિ ચિંતાજનક છે. ગુજરાતમાં કોકેન, એમ.ડી., એલ.એસ.ડી., ક્રીમ ચરસ, બ્રાઉન શુગર કે ગાંજો પળવારમાં હોમ ડીલીવરી થઈ જાય છે. ભાજપ સરકાર દારૂ બંધી - વ્યસન બંધી સામે માત્ર તપાસના આદેશ આપી સમગ્ર ઘટના લીપાથોપી કરે છે. મોટા પાયે હપ્તાનું ગોઠવણ લાભાલાભ ન હોય તો આટલુ મોટુ ડ્રગ્સ માફીયાનું સુનિયોજીત વેપાર તંત્ર કઈ રીતે ચાલી શકે ? અફઘાનિસ્તાન, પાકિસ્તાન સહિતના વિદેશોમાંથી આવતુ ડ્રગ્સ એ રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે ત્યારે સરહદી વિસ્તાર અને ૧૬૦૦ કિ.મી.ના દરિયાકિનારા પર ઠલવાઈ રહેલા કરોડો રૂપિયાના ડ્રગ્સની હેરાફેરી કરનાર અને કરાવનાર માફીયાઓના મુળ સુધી પગલા ભરવા જોઈએ.

# શેઠ એમ. એન. હાઇસ્કુલ,પાટણ ની વિજ્ઞાન કૃતિ પ્રથમ નંબરે વિજેતા



પટેલ વૃંદા અને પટેલ રિયા દ્વારા તૈયાર કરવામાં આવેલ "કોટ્રેલ ફોર એર પ્યોરિફીકેશન" કૃતિ એ ગણિત -વિજ્ઞાન પ્રદર્શન માં જબરું આકર્ષણ જમાવ્યું હતું
શેઠ એમ.એન. હાઈસ્કુલ ની "કોટ્રેલ ફોર એર પ્યોરિફીકેશન" કૃતિ જીફજી કક્ષાએ જવા માટે પસંદ

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, જિજ્ઞાસા વૃત્તિ તથા તેમનામાં જે વૈજ્ઞાનિક ક્ષમતા કે અભિગમ છે તે બહાર આવે તે હેતુસર જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત ઊઢ્ઞ્ઝ કક્ષા નું ગણિત વિજ્ઞાન પ્રદર્શન બી. ડી. હાઈસ્કુલ ખાતે યોજાઈ ગયું.

જેમાં ઉત્તર ગુજરાત યુવક મંડળ સંચાલિત ★શેઠ એમ એન હાઈસ્કુલ, પાટણ★ ના ★બાળ વૈજ્ઞાનિકો પટેલ વૃંદા અને પટેલ રિયા દ્વારા તૈયાર કરવામાં આવેલી ★કોટ્રેલ ફોર એર પ્યોરિફીકેશન★ નામની વિજ્ઞાન કૃતિ ★પ્રથમ નંબરે★ વિજેતા થયેલી છે. આ કૃતિ ના બાળ વૈજ્ઞાનિકો ને અર્જુનસિંહ વાઘેલા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું. ★આ કૃતિ હવે જીફજી કક્ષાએ ભાગ લેવા જશે★.

શાળા ના ગણિત - વિજ્ઞાન શિક્ષક મિત્રો પ્રકાશભાઈ પટેલ, ભાવેશભાઈ પ્રજાપતિ ડૉ.અલ્પેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ પ્રજાપતિ, રમેશભાઈ, અર્જુનસિંહ વાઘેલા, નીલ ભાઈ પટેલ તથા વર્ષા બેન પટેલ દ્વારા શાળા ના બાળ વૈજ્ઞાનિકો ને માર્ગદર્શન પૂરું પાડવાને કારણે બાળ વૈજ્ઞાનિકો દ્વારા આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કુલ પાંચ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આપણા દેશમાં જુદી જુદી વસ્તુઓના ઉત્પાદન માટે સતત ઉદ્યોગો સ્થપાતા જાય છે.... આ ઉદ્યોગોમાં બળતણના દહનથી ઉત્પન્ન થતા નકામા વાયુઓથી દેશ અને દુનિયામાં પ્રદૂષણ વધ્યું છે, ગ્લોબલ વૉર્મિંગ ની અસર વર્તાય છે, ઋતુઓ અનિયમિત બની છે... તેવા સમયે અમારી શાળા શેઠ એમ એન હાઈસ્કુલ ના બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિજેતા બનેલી ★કોટ્રેલ ફોર એર પ્યોરિફીકેશન★ કૃતિ થી નકામા વાયુઓ શુધ્ધ બનશે તેમજ વાયુઓ ના શુધ્ધિકરણ થી બનતા પદાર્થો નો પણ વ્યવહાર માં ઉપયોગ કરી શકાશે.

★અમારી આ કૃતિ એ આ ગણિત - વિજ્ઞાન પ્રદર્શન માં જબરું આકર્ષણ જમાવ્યું હતું★.

વિજેતા થનાર તેમજ ભાગ લેનાર બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષક મિત્રો ને સંચાલક મંડળ ના તમામ સદસ્યશ્રીઓ તથા આચાર્યશ્રી ધનરાજભાઈ ઠક્કર દ્વારા ઢેર સારી શુભકામનાઓ સહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓ ની કૃતિ રાજય અને રાષ્ટ્ર કક્ષા સુધી આગળ વધે તેવી હાર્દિક શુભકામનાઓ...

# નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે જિલ્લા કક્ષાનો સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાયો

નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુજીયમ દર વર્ષે સમગ્ર દેશના તમામ રાજયોની શાળાઓ માટે વિજ્ઞાન નાટક સ્પર્ધાનું આયોજન કરે છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રેડીયંટ સ્કુલ ઓફ સાયન્સ,ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાનો સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાઈ ગયો. જેમા જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે રેડીયંટ સ્કુલ ઓફ સાયન્સના પ્રિન્સીપાલ જે. બી.વામજા સાહેબ, નિસર્ગ સાયન્સ સેન્ટરના ડાયરેકટર ડો.અનિલ પટેલ, નિર્ણાયક તરીકે કુંતલ નિમાવત અને નિતિન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. Millets– The Super food, Food Security, Modern Technology in Daily Life ,Current Advance in Health Care, Superstitions in



Society અલગ અલગ થીમ પર બાળકોએ નાટકો રજૂ કર્યા. જેમાં શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલ પ્રથમ ક્રમે, લેકાવાડા પ્રાથમિક શાળા બીજા ક્રમે તથા એમ.એચ વિધ્યામંદિર, ડભોડા ત્રીજા ક્રમે વિજેતા થઈ હતી. પ્રથમ ક્રમે આવેલ શાળા હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ તમામ શાળાઓના વિધ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનીત કરવામાં આવશે. જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધાના આયોજનને સફળ બનાવવામાં સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલ,હાર્દિકભટ્ટે ભારે જહેમત ઉઠાવી હતી .

# કૃષિ ઋષિ ડો. એમ. એસ. સ્વામીનાથનને ડો. કથીરિયાની ભાવભીની શ્રદ્ધાંજલિ

ભારત વર્ષની હરિયાળી ક્રાંતિના પ્રણેતા ડો.સ્વામીનાથનના નિધનની અત્યંત શોકની લાગણી અનુભવતા ભારત સરકારના પૂર્વ મંત્રી શ્રી ડો.વલ્લભભાઈ કથીરિયાએ શ્રદ્ધાંજલી અર્પતા જણાવ્યું હતું કે ડો. સ્વામીનાથન વીસમી સદીના મહાન વૈજ્ઞાનિકો પૈકીના એક હતા. અનેકવિધ શોધ પેપરો, ડિગ્રીઓ અને પારિતોષિકોથી વિભૂષિત ડો.સ્વામીનાથન વર્તમાન યુવા વૈજ્ઞાનિકો માટે રોલ મોડેલ હતા. અત્યંત મૃદુ, સાલસ સ્વભાવના ડો. સ્વામીનાથન ઉચ્ચ કોટીના માનવતાવાદી વૈજ્ઞાનિક હતા. તેમણે ઘઉં, ચોખા, રાય, બાજરા સહિત અનેક ખાદ્ય અનાજના



સંશોધનો દ્વારા ભારતને સ્વાવલંબી બનાવ્યું એટલું જ નહી, પરંતુ એકસપોર્ટ કરતા દેશોમાં સ્થાન મેળવ્યું. ડો. સ્વામીનાથનને ટેકનોલોજી અને સંશોધનો દ્વારા ટકાઉ ખેતી માટેના તેમના પ્રયાસો માટે ખેડૂતો અને દેશ સદાય તેમનો ઋણી રહેશે.

ડો. કથીરિયા એ ડો. સ્વામીનાથન સાથેની તેમની મુલાકાત દરમ્યાન સુ:ખદ અનુભવ પણ કર્યો હતો. આવા ડો. સ્વામિનાથન ને પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનવામાં આવ્યા હતા. તેમના સુપુત્રી ડો. સૌમ્યા સ્વામીનાથન પણ રાજકોટમાં ડો.કથીરિયા ના મહેમાન બન્યા હતા, જ્યારે તેઓ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયમાં હતા. અને ડો. સ્વામીનાથન સાથેના અનુભવો તાજા કર્યા હતા.

આવા ભારતના મહાન સપૂત ડો. સ્વામીનાથનને હૃદયથી શ્રદ્ધાંજલિ.

# "ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન" ની થીમને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ખાદી માટે માન્ય સંસ્થા, મંડળી, કાંતનાર કે વણનાર કારીગરો દ્વારા રાજ્યમાં ઉત્પાદિત થતી ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમત ઉપર ૨૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવામાં આવશે. ખાદીની માન્ય સંસ્થા અને મંડળીઓને આ સહાય તા. ૨ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના સમયગાળા માટે આપવામાં આવશે.

આ સંદર્ભે ખાદી અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ પહેલ 'ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન'ની થીમને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના પરિણામે ધાર્મિક તહેવારો, જાહેર તેમજ સામાજિક પ્રસંગોમાં લોકોને ખાદીની ખરીદી માટે વડાપ્રધાનશ્રીએ કરેલા આહવાનને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત સંસ્થા, મંડળીઓ દ્વારા ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રની વસ્તુઓ ખરીદવા લોકો આકર્ષિત થશે અને ખાદી/પોલીવસ્ત્રનું વેચાણ વધશે.

તેમણે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ ખાદીના ઉત્પાદન તથા વેચાણનો વ્યાપ વધે તે માટે હરહંમેશ તત્પરતા દાખવી છે અને ગાંધી જયંતી નિમિત્તે કાર્યકરો સાથે ખાદી ભવનમાં રૂબરૂ જઈ ખાદી ખરીદીને લોકોનો ખાદી ખરીદવા ઉત્સાહ પણ વધાર્યો છે. રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની દ્બ્ફૈંઝનું પ્રમાણપત્ર ધરાવતી લગભગ ૨૩૦ જેટલી માન્ય ખાદી સંસ્થા/મંડળીઓના ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંતરીયાળ વિસ્તારના અંદાજે ૧૩૫૦૦ જેટલા કાંતનાર અને વણનાર કારીગરોને સતત રોજગારી મળતી રહેશે. રાજ્ય સરકાર દ્વારા દૂરંદેશી અને નેક હેતુથી આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.રાજ્ય મંત્રી શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું કે, આ સહાય જાહેર થવાથી ગુજરાત રાજ્યની ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ સંસ્થા/મંડળીઓના કારીગરો દ્વારા ઉત્પાદિત થતી આસન, શેતરંજી, રેશમ પટોળા, ઉની સ્વેટર, જર્સી, શાલ તેમજ ખાદીના વિવિધ રેડીમેઈડ ગારમેન્ટ વગેરે ચીજવસ્તુઓના વેચાણમાં વધારો થશે. આ ગાંધી નિમિત્તે નાગરિકો ખાદીની ચીજ-વસ્તુઓની ખરીદી કરી ખાદીની કામગીરી સાથે સંકળાયેલ કારીગરોને રોજગારી આપવામાં સહભાગી થાય તે માટે મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ખાદી બોર્ડ મારફતે સમગ્ર વર્ષ દરમ્યાન પ્રદર્શન-સહ-વેચાણ મેળા યોજીને ખાદીના વેચાણને બહોળુ પ્રોત્સાહન આપવામાં આવે છે. હાલમાં ગાંધી જયંતી નિમિત્તે તા. ૦૨ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન સુરત ખાતે પ્રદર્શન-સહ-વેચાણ મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# અંબાજી મેળામાં સેવા આપનાર ડીસાના સેવાભાવી અગ્રણી શ્રી પી. એન. માળીની સેવાને બિરદાવતા કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલ

અંબાજી મેળાનું આજે ભાદરવી પૂનમના દિવસે તા. ૨૯ ના રોજ સમાપન થયું છે ત્યારે મેળામાં સતત સાત દિવસ સુધી સેવા આપનાર ડીસાના યુવા અગ્રણી અને ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રીશ્રી પી. એન. માળીને માતાજીનો ખેસ પહેરાવી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી વરુણ કુમાર બરનવાલે તેમની સેવાઓને બિરદાવી હતી.



## શ્રી પી. એન. માળીએ ૬૫૦૦ જેટલાં પોલીસ જવાનોને ભોજનમાં મિસ્ટાન અને સિનિયર સિટીઝનો તથા દિવ્યાંગજનોને પાર્કિંગ થી મંદિર સુધી ૧૫૦ રીક્ષાઓની સેવા પુરી પાડી

આ પ્રસંગે કલેકટરશ્રીએ જણાવ્યું કે, ડીસાના વતની શ્રી પી. એન. માળીએ મેળામાં સેવા આપવા માટે સામેથી વહીવટી તંત્રનો સંપર્ક કરી માઈભક્તોની સેવા કરવાનું જણાવ્યું હતું. અમે પણ દાતાની શોધમાં હતા ત્યારે શ્રી પી. એન. માળીએ આ કામ પોતાના ખભા ઉપર ઉપાડી લીધું અને છેલ્લા સાત- આઠ દિવસમાં ૧૫૦ રીક્ષાઓ મારફત ૭૫ હજારથી વધારે લોકોને એમની સેવાનો લાભ આપ્યો છે. કામાક્ષી મંદિર અને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજથી મંદિર સુધી સિનિયર સિટીજનો અને દિવ્યાંગજનો અને બાળકોને સેવા પુરી પાડી છે. તેમણે કહ્યું કે જ્યારે અમે સંઘો સાથે વાતચીત કરીને તેમના અનુભવ જાણ્યા ત્યારે તેમણે જણાવ્યું કે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ખુબ જ સારી લાગી છે. સાથે સાથે આ સુવિધા માટે શ્રી પી.એન. માળીનો કલેકટરશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રીશ્રી પી. એન. માળીએ જણાવ્યું કે અંબાજી ભાદરવી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ મેળા તારીખ ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમ દરમિયાન માં અંબાની પ્રેરણાથી એમની દિવ્ય શક્તિથી મને પણ સેવા કરવાનો મોકો મળ્યો છે. આ મેળા દરમિયાન કામાક્ષી મંદિર અને કૉલેજથી અંબાજી મંદિર સુધી જે વૃધ્ધો, બાળકો અને સિનિયર સિટીજન માટે ૧૫૦ જેટલી રીક્ષાઓની મદદથી માતાજીના દર્શન શ્રધ્ધાળુઓ આશાનીથી કરી શકે એ માટે નિ:શુલ્ક રીક્ષાઓની વ્યવસ્થા કરી અને રાત-દિવસ ખડેપગે ઉભા રહી યાત્રીઓની સેવા માટે તત્પર રહેનારા આપણા પોલીસ જવાનોને ભોજનમાં સ્વીટનું આયોજન કર્યુ હતું અને આ બધુ જ માતાજીની કૃપાથી જ શક્ય બન્યુ છે. હું તો માત્ર માધ્યમ છું અને મા અંબા એ મને આવી સેવા કરવા માટેની તક આપી અને આવી જ શક્તિ માતાજી આપતા રહે એવી માતાજીના ચરણોમાં વંદન કરીને પ્રાર્થના કરું છું.

શ્રી પી. એન. માળી દ્વારા આપવામાં આવેલી સેવાની સરાહના કરતા પોલીસ મેસના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી. કે. જોષીએ જણાવ્યું કે, તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ અંબાજી ભાદરવી પૂનમના મેળામાં કલેકટરશ્રી અને એસ. પી. સાહેબના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા પોલીસ સ્ટાફ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રીશ્રી પી. એન. માળી દ્વારા દરરોજ પોલીસને સાંજના ભોજનમાં સ્વીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમના દ્વારા સિનિયર સિટીઝનો અને દિવ્યાંગજનો માટે ૧૫૦ રીક્ષાની સેવા પણ પુરી પાડવામાં આવી હતી એમનો પોલીસ વિભાગ દ્વારા આભાર વ્યક્ત કરું છું.

# નરેડી ગામમાં જાહેર રસ્તો ખોદી નખાતા ગ્રામજનોમાં રોષ ભભૂકયોઃ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા!!!

માણાવદરને સીમાડે આવેલું અને વંથલી તાલુકામાં સમાવેશ કરાયેલ નરેડી ગામનો જાહેર રસ્તો ખોદી કાઢતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે આ અંગે નરેડી ગ્રામજનો કહે છે કે આ રસ્તો સુવિધા પથ બનાવવા મંજુર થયો છે એક મહિના પહેલા આર એન્ડ બી વિભાગ જુનાગઢ દ્વારા આ રસ્તો ખોદી કાઢાતા અને પાણીની લાઈનો તોડી પડાતા ખોદેલા રોડમાં પાણી ભરાઈ ગયું છે



ચાલવા જેવું પણ રહ્યું નથી.આ રસ્તો ચાર ગામને જોડતો જાહેર રસ્તો છે જેને આર એન્ડ બી એ નરકાગારમાં ફેરવી નાખ્યો છે. આ વિસ્તારમાં ૩૦૦ જેટલી વસ્તી ધરાવતો વિસ્તાર છે. બાળકોને સ્કૂલે જવું હોય તો પણ નીકળી શકાતું નથી નાવડા, મેઘપુર, બોડકા અને પીપલાણા વગેરે ગામોમાં જવામાં પાણી ભરેલા રસ્તાને કારણે નીકળી શકાતું નથી. રસ્તામાં ભરાયેલ ગંદા પાણીને કારણે જો કોઈ રોગચાળો ફાટી નીકળશે તો તંત્રની જવાબદારી રહેશે મીડિયા સમક્ષ ગ્રામજનો રોષ ઠાલવતા જણાવ્યું છે કે જો એક સપ્તાહમાં આ રસ્તો ચાલુ કરવામાં નહીં આવે તો અમારે ના છૂટકે આંદોલન કરવાની ફરજ પડશે. આ અંગે નરડી ગ્રામ પંચાયતના સદસ્ય જયંતીભાઈ ખીમજીભાઈ ઉસદડીયાએ કાર્યપાલક ઈજનેર જૂનાગઢને એક પત્ર લખ્યો છે પરંતુ કોઈ કાર્યવાહી ન થતા આજે લોકો રસ્તા પર આવી ગયા હતા



**વલસાડ માહિતી ખાતાના અધિકારી અક્ષય દેસાઈ સામે વલસાડ વન વિભાગ દ્વારા વન્ય જીવ પ્રાણી ને રંજાડી પોતાની સ્વ પ્રસિદ્ધિ માટે ફોટોગ્રાફી કરીને સોશિયલ મીડિયા ઉપર સરકારી કાયદા વિરુદ્ધ કૃત્ય કરવા બદલ પોલીસ ગુનો નોંધવામાં આવીને ગંભીર ફરિયાદ કરવામાં આવી છે.આ રીતની ફોટોગ્રાફી કરીને સોશિયલ મીડિયામાં મૂકવાનું તેમને ભારે પડી ગયું હતું.હાલમાં વલસાડ વિસ્તાર માં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે..હવે જોવાનું રહ્યું કે શું પગલાં લઈ અબોલ જીવો ને ન્યાય મળે છે કે કેમ...?**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

## કુળદેવી×ક્ષેત્રપાળ( નાગ દેવતાનું પ્રતિક ) ( નાગર કુટુંબોના ) ખાસ તો હાલમાં કુટુંબો જે તે સ્થાને જાય છે તેની માહિતી

### ચહાલ ઉપલબ્ધ માહિતી અનુસાર

======================

(૧) અંજારીયા-
આશાપુરા માતાનો મઢ, કચ્છ
(૨) અંતાણી
આશાપુરા માતાનો મઢ, કચ્છ
(૩) ઓઝા
શક્તિમાતાજી,મોટા કોળીવાડા,ઉના
(૪) છાંયા
ઓસમ માત્રી મા,પાટણવાવ ડુંગર ઉપર
(૫) ઘોડા-કાપિષ્ટલસ્
ઓસમ માત્રી મા,પાટણવાવ ડુંગર ઉપર
(૬) જોષીપુરા- ભારદ્વાજ
વાસણદેવી,બાલાગામ, કેશોદ પાસે
(૭) ઢેબર- વત્સપાલસ્
ગાત્રાળદેવી, પોરબંદર પાસે.
(૮) દેસાઈ વેરાવળના- ગાંગ્યાનસ્
કનકાઈ ગીર,જુનાગઢ પાસે.
(૯) બુચ- કાપિષ્ટલસ્
-૧-આનંદેશ્વરી- નાગર ગૃહસ્થ નાં ઘરમાં,
માઢ સ્ટ્રીટ, જુનાગઢ
-૨-વેરાઈમાતા નું સ્થાન માંગરોળ માં છે.
-૩- ક્ષેત્રપાળ (નાગદેવતા નું પ્રતિક)
(બાળમોવાળા ઉતરાવવા માટે), માધવપુર ઘેડ,
માંગરોળ પાસે
(૧૦) ભચેચ- બૈજવાપસ્
મોટાં અંબાજી ઉત્તર ગુજરાત.
(૧૧) મજમુદાર વૈષ્ણવ- કાશ્યપસ્
(વૈષ્ણવ કુટુંબ અનુસાર)
(૧૨) મજમુદાર બુચ- કાપિષ્ટલસ( બુચ કુટુંબ અનુસાર.)
(૧૩) વૈષ્ણવ- કાશ્યપસ્
વીસભુજેશ્વરી,સાયલા, સુરેન્દ્રનગર પાસે
ક્ષેત્રપાળ નાગદેવતા નું પ્રતિક-
સોંદરડા(સોનડીયા), કેશોદ પાસે,
(બાળમોવાળા ઉતરાવવા)
(૧૪) મારૂ- ઔક્ષણસ્
અંબાજી ગિરનાર,
ક્ષેત્રપાળ નાગદેવતા નું પ્રતિક- ભુજીયો ડુંગર,
ભુજ કચ્છ.
(૧૫) માંકડ - જ્વાળામુખી, ચાંદી બજાર, જામનગર.
(૧૬) રીંડાણી- સાકૃતસ્
અષ્ટભુજેશ્વરી,શ્રી હાટકેશ્વર મંદિર પાસે, જુનાગઢ
(૧૭) વછરાજાની- ઔક્ષણસ
કનકાઈ,ઉના,ગીર
(૧૮)વત્સરાજ- ઔક્ષણસ
કનકાઈ,ઉના,ગીર
(૧૯) વસાવડા- ગાંગ્યાનસ્
-૧-વાઘેશ્વરી,વસાવડા, ગોંડલ પાસે.
-૨- અપસરા માતા ,માંગરોળ
(૧૯) હાથી - સાર્કવસ્
બરાળ દેવી,હાથી શેરી, જામનગર.
(૨૦) નાણાવટી, નાણોટી,અડબ નાણોટી- સાર્કવસ્
-૧- ઓસમ માત્રી મા પાટણવાવ ડુંગર પર
-૨- માત્રી મા નું સ્થાન માંગરોળ માં પણ છે
-૩- નાણાવટી નાં કુળદેવી ઉદયવંતી છે.જેનું સ્થાન
ભાવનગર માં એક દેસાઈ કુટુંબ ને ત્યાં પણ છે.
(૨૧) પોટા- ગાંગ્યાનસ્- ભવાની
(હાલનું સ્થાન-
પોટા ફેમીલી છેલ્લા ૭૦ ૮૦ વર્ષથી મોરબી થી હળવદ હાઈવે પર ચરાડવા ગામના પાદરમાં મોટી જગ્યા મા શ્રી રાજબાઈ રાજ રાજેશ્વરી માતાજી મંદિર આવેલું છે તે નાગર પોટા ઉપરાંત દરબાર અને અન્ય બે જ્ઞાતિના લોકો તેને કુળદેવી તરીકે માને છે)
======
(૨૨) ધોળકિયા, છાંયા
ધોળકિયા પરિવાર નાં કુળદેવી
ક્ષેમકરી દેવી નાં સ્થાન
(૧) ધિણોજ, મહેસાણા પાટણ રેલવે લાઈન પર ?
(૨) ભીમના, રાજસ્થાન પણ અમુક કુટુંબ જાય છે.
ધોળકિયા - બાળમોવાળા માટે
(૧)માધવપુર , માંગરોળ પાસે
(૨) કચ્છ નાં કુટુંબ ભુજીયા ડુંગર પરનાં સ્થાને પણ જાય છે.
-----===
છાંયા કુટુંબ કુળદેવી તથા બાળમોવાળા માટે "ઓસમ માત્રી માં", ધોરાજી પાસે પાટણવાવ ગામ ના ઓસમ ડુંગર નાં માત્રી મા સ્થાને જાય છે.
====
(૨૩)
કુળદેવી ધોળકિયા
--
શર્મિષ્ઠા, હાલનું સ્થાન ક્ષેમકરી
-૧- ધીણોજ ગામે મહેસાણા પાસે મોટા મહાદેવના
મંદિર સંકુલમાં ક્ષેમકરી મંદિર પણ છે.
-૨- રાજસ્થાન- ભીનમાલ શહેર રે જેલોર જીલ્લો.
(ગુર્જરદેશની પહેલાં રાજધાની જેલોર હતી)
ભીનમાલ -ક્ષેમકરી (???? ???? ?????) દેવી
----
શ્રી માઈકલાપી વર્ષો પહેલાં ત્યાં ગયેલ, ત્યારે
ક્ષેમકરી મંદિર જીર્ણ અવસ્થામાં હતું,
હવે વિશાળ નવો સંકુલ બનેલ છે
-૩- પાટણ ઉત્તર ગુજરાત માં પણ છે જેની વિગત મળી નથી.
-૪- ક્ષેત્રપાળ (નાગદેવતા નું પ્રતિક,)
માધવપુર ઘેડ, માંગરોળ પાસે.
જ્યાં બાળમોવાળા ઉતારાય છે.
====
ગોત્ર ઔક્ષણસ -
ધોળકિયા, છાંયા,વછરાજાની દરેક નું એક જ ગોત્ર છે

# ડાંગ જિલ્લાની એક માત્ર જીવાદોરી સમાન સરકારી સિવિલ હોસ્પિટલના ખાનગી કરણ ના થાય તે મુદ્દે કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું

ડાંગ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આહવા સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ ના વિરોધ આવેદન પત્ર આપવામાં આવ્યુ તેમજ જો આ ખાનગીકરણ તાત્કાલિક અટકાવવા નહીં આવે તો તારીખ ૩૧/૧૦/૨૦૨૩ ના ડાંગ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન તેમજ ઘેરાવ કરવામાં આવશે તેવી ચીમકી ડાંગ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

આજ રોજ તારીખ ૨૯/૦૯/૨૦૨૩ ના રોજ કોંગ્રેસ પક્ષના વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ ની આગેવાની હેઠળ ડાંગ જીલ્લા કલેક્ટર સાહેબ મારફતે ગુજરાત રાજય ના મુખ્યમંત્રી ને આહવા સિવિલ હોસ્પિટલ ના ખાનગીકરણ ના વિરોધ આવેદન પત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું .

આવેદનપત્ર માં ઉમેર્યું હતું કે ડાંગ જિલ્લો સંપૂર્ણ ૯૬% આદિવાસી વસ્તી ધરાવે છે અને ભૌગલીક પરસ્થિતી મુજબ હાલમાં એક માત્ર સિવિલ સરકારી હોસ્પિટલ આહવા ખાતે આવેલ છે. અને જેનો લાભ ૩૧૧ ગામના આદિવાસી સમાજ તથા અન્ય સમાજને સરકારી રાહે સેવાઓ ઉપલબ્ધ છે. અને એમા સરકાર તરફથીજ ખુટતી સવલતો ઉપલબ્ધ કરી હાલના સંજોગોમાં સંપૂર્ણ પણે સરકારે જ સંચાલન કરવુ જરૂરી છે. અને જો સરકાર સ્વ-નિર્ભર મેડિકલ કોલેજ મંજુર કરી સ્થાપિત કરવા જઈ રહયા છે ત્યારે અમો ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ પક્ષ તરફથી આપ સાહેબને નિવેદન કરતા જણાવીએ છીએ કે, સરકાર તરફથી અમારા આદિવાસી સમાજના વિકાસ માટે જે પણ




કામગીરી કરવાની થાય છે જેમાં આવા મેડિકલ જેવા અત્યંત મહત્વના ઈન્સ્યુટયુટને સાથે સ્વ-નિર્ભર સંચાલન માટે આપવામાં આવે તે સ્વીકાર્ય નથી. આ બાબત એક માત્ર સરકારી સિવિલ હોસ્પિટલના સંચાલન માટે સરકાર નિષ્ફળ રહે છે. એવી બાબત છે જે ખરેખર જન સમુદાયમાં શોભનીય નથી. ડાંગ ખાતે કમસે કમ એવી કોઇ અન્ય સરકારી હોસ્પિટલ હોત અને આવો કોઇ નિર્ણય થયો હોત તો અમે આ પ્રશ્ન ઉપસ્થિત કરત નહી. પરંતુ એક માત્ર સિવિલ હોસ્પિટલ અને એના સંચાલનમાં સરકાર નિષ્ફળ રહે એ માન્ય માં આવતુ નથી. અને શોભતુ પણ નથી.એવુ અમારૂ સ્પષ્ટ માનવુ છે. ઉપરોક્ત હકિક્ત ધ્યાને લઈ આ બાબતે પડતી મુશકેલી સિવિલ હોસ્પિટલની અંદર પુરતો સ્ટાફ, ખુટતી સગવડ ઉપલબ્ધ કરી સરકાર ચલાવે એવી અમારી માંગણી છે. જયારે સ્વ-નિર્ભર મેડિકલ કોલેજ જો સ્થાપિત કરવાની હોય તો એના માટે અલગથી વિચારણા કરવામાં આવે એવી અમારી નમ્ર વિનંતી છે.

આજના કાર્યક્રમમાં ડાંગ જીલ્લા કોંગ્રેસ સમિતિ તેમજ જિલ્લા પ્રમુખ મોતીલાલભાઈ, વિરોધ પક્ષનાં નેતા ગીતાબેન, લતાબેન, મહામંત્રી, મુકેશભાઈ, આઈટી,સેલ પ્રમુખ મનીષાભાઈ મારકણા, ગમનભાઈ, નીતિનભાઈ ગાઈન, સ્નેહલ ઠાકરે,હરીશભાઈ, ગુલાબભાઈ ગાંગુરડે, ભરતભાઈ ભોંયે, વનરાજભાઈ મહેન્દ્રભાઈ ગાવિત, સંજયભાઈ પવાર, સિ.પી.ગવળી, દેવરામભાઈ આદિવાસી સંઘર્ષ સમિતિના નિલેશભાઈ ગાવિત, શિકાર ગામના પાટીલ,વિકાસભાઈ તેમજ ચિર્કા ગામની ટીમ જિલ્લા/તાલુકા કોંગ્રેસ આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહયા.

# બોધકથા.. આવ્યો ખાલી હાથે જવાનો તૂં ખાલી..

પૂર્વજન્મોના સત્કર્મોથી અમોને માનવદેહરૂપી સુંદર સાધન મળ્યું છે.સુખના વિવિધ સાધનો ભૌતિક સામગ્રી મળી છે પરંતુ અમારી વિડંબના એ છે કે અમે જીવનનું લક્ષ્ય ભૂલી જઈએ છીએ.આ સુંદર જીવનમાં મૃત્યુ પછી એક ક્ષણ પણ અહી રહેવાની મંજુરી મળવાની નથી અને જો ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સંત(સદગુરૂ) ના શરણમાં જઇ પ્રભુ પ્રાપ્તિ કરી નથી તો અમે ખાલી હાથે જ અહીંથી ચાલ્યા જઇશું.આ વિશે એક બોધકથા જોઈએ.એક ગામડાનો માનવી પોતાની જમીનના વિવાદના કેસના સબંધમાં કોર્ટમાં રજૂઆત કરવા શહેરમાં જવાની તૈયારી કરી રહ્યો હતો,તે જ સમયે તેને વિચાર આવ્યો કે કદાચ એક દિવસમાં કોર્ટનું કામ પૂર્ણ ના થાય તો અને વધુ એક દિવસ કદાચ શહેરમાં રોકાવવાનું થાય તો? તેથી તે ગામના સરપંચ પાસે ગયો કે જેમની શહેરમાંના અતિથિગૃહના મેનેજરની સાથે ઓળખાણ હતી.તેમની પાસેથી અતિથિગૃહમાં એક દિવસના રોકાણ માટે ભલામણ પત્ર લખાવી લાવ્યો.

શહેરમાં જતાં જ પ્રથમ તે અતિથિગૃહમાં જઇ મેનેજરશ્રીને સરપંચશ્રીએ લખી આપેલ ચિઠ્ઠી આપી.મેનેજરે તેને રહેવા માટે સારામાં સારો રૂમ ખોલી આપ્યોં.રૂમમાં સુંદર ગાદલાં અને કારપેટ પાથરેલી હતી.એક તરફ સંગીતનાં સાધન પડ્યાં હતાં.રૂમમાં રંગબેરંગી બલ્બોની રોશની હતી.આમ રૂમ તમામ રીતે સુસજ્જિત હતો.રૂમની સાહ્યબી ભોગવવામાં આ ગામડીયો જે કામે શહેરમાં આવ્યો હતો તે કામ જ ભૂલી ગયો.ક્યારેક તે રૂમમાં આરામ કરતો તો ક્યારેક સંગીતનો આનંદ લેતો હતો.સમગ્ર દિવસ આ રૂમના સાધનોના ઉપભોગમાં તથા રૂમના આકર્ષણમાં ફસાયેલો રહ્યો.સાંજે અચાનક તેને યાદ આવ્યું કે મારે તો અહીની સરકારી કચેરીના કામે આવવાનું થયું છે.! તેથી તે જલ્દી જલ્દી સરકારી કચેરીની તરફ દોડ્યો.તે સમયે કચેરીનો ચપરાશી કચેરીને તાળું લગાવી રહ્યો હતો તેથી તે નારાજ થયો કારણ કે કચેરીનો સમય પૂર્ણ થતાં બંધ કરી દેવામાં આવી હતી તેથી ચપરાશીએ તેને બીજા દિવસે આવવા માટે કહ્યું.પેલા ગામડીયાએ બહાર નીકળી અધિકારીને ઘણી વિનંતી કરી પરંતુ તેને નિરાશ થવું પડ્યું.

નિરાશ વદને અતિથિગૃહમાં પરત આવતાં મેનેજરે કહ્યું કે સરપંચશ્રીની ભલામણ અનુસાર તમોને ફક્ત એક દિવસ જ રહેવા માટે વ્યવસ્થા કરી આપી હતી માટે તમોને આપવામાં આવેલ રૂમ ખાલી કરી દો.પોતાનું કામ ન થતાં તથા રૂમ પણ ખાલી કરવો પડ્યો હોવાથી તે ખુબ જ નિરાશ થઇ ગયો.તેને વિચાર કર્યો કે મને રૂમ રહેવા માટે આપ્યો હતો તો કંઇ નહી તો રૂમમાંની થોડીક વસ્તુઓ તો સાથે લેતો જાઊં.એમ વિચારી રંગબેરંગી બલ્બો તથા અમુક ચીજવસ્તુઓ પોતાની થેલીમાં મુકી દીધી.મુખ્ય દ્વાર ઉપર નીકળતાં જ મેનેજરે તેની તલાશી લેતાં થેલીમાં અતિથિગૃહનો સામાન જોતાં જ મેનેજરને નવાઇ લાગી.મેનેજરે તેને કહ્યું કે મૂરખ..! તને આ રૂમમાં થોડોક સમય રહેવાની સગવડ કરી આપી તો તૂં રૂમમાંના સામાનને જ પોતાનો સમજવા લાગ્યો..! આ રૂમ તારા બાપનો નથી..! ધર્મશાળાનો રૂમ છે.આમ કહીને મેનેજરે તેને ઘણો જ ફટકાર્યો તથા તમામ સામાન ખૂંચવી લીધો.તે ગામડીયો શરમાઇ ગયો.અનિચ્છા અને ઉદાસીથી તમામ સામાન પરત મુકી દેવો પડ્યો.તે પોતાની સાથે કાંઇ જ લઇ જઇ શક્યો નહી અને તે વિચારવા લાગ્યો કે મારૂં કામ પણ ના થયું અને વધુ સમય રહેવા પણ ના દીધો. હું વ્યર્થના પ્રલોભનમાં ફસાઇ ગયો.

આવી જ સ્થિતિ આજના માનવીની છે.જે જીવનની ક્ષણભંગુરતાની વાસ્તવિકતાને જાણતો હોવા છતાં તેનાથી અજાણ બનેલો રહે છે.તે અહર્નિશ આ સંસારરૂપી બજારના યોગ્ય-અયોગ્યનો વિચાર કર્યા વિના સંસારના આકર્ષણોમાં એવો ફસાઇ જાય છે કે પ્રભુ પરમાત્માએ આપેલ આ ભાડાના મકાન(શરીર)ને જ સર્વસ્વ અને પોતાનું સમજી બેસે છે અને તેને જ સજાવવા સંવારવામાં જ પ્રભુની આ અનુપમ ભેટ માનવજીવનને છોડીને દુનિયામાંથી વિદાય થઇ જાય છે.

સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કેઃ માયામાં મશગૂલ થઇ માનવ મોંઘો જનમ ગુમાવે છે,પ્રભુને જાણ્યા વિના એનો માલ મફતમાં ખાય છે. દુષ્?ટો સાથે પ્રિત કરે છે અને સંતને ખુબ સતાવે છે,ઘોર નરકમાં પડતો મૂરખ કરણીનું ફળ પામે છે. વિના ગુરૂ કદિ મળેના મુક્તિ લાખો કરમ કમાવવાથી,જન્મ-મરણથી છુટકો ના થાતો પ્રભુના બંદિખાનેથી. સંતજનોનું કહ્યું ના માને તે નર પાછળથી પસ્તાય છે,કર્મ ધર્મના ફંદામાં એ પોતે પોતાને ફસાવતો જાય છે, હજું સમય છે નથી કાંઇ બગડ્યું ગુરૂ શરણમાં આવી જા.(અવતારવાણી-૧૩૧)ધન દૌલત સૌ અંત સમયમાં સાથે તારા નહી આવે,જે જગથી છે પ્રિત તને ઘણી તે પણ સાથે નહી આવે, પૂત્ર-પત્ની કુટુંબ પરીવાર જેટલા તારા સબંધીઓ છે,જૂઠી છે સૌ પ્રિત જગતની મતલબના સૌ સંગી છે, જે મૂરખ આ પરમપિતાને એક પલ પણ વિસારે છે, કહે અવતાર એ માનવ જગમાં અંતકાળ પસ્તાયે છે.

આલેખનઃ કુમારી નિતૂં સૈની

# બાંધકામ ઉદ્યોગને મજબુત કરવા ખોફજનક સ્થળે મળેલી ખુફિયા બેઠકનો કાને સાંભળેલ અહેવાલ

“સાહેબ, લોકો આપણો ભઠો બેસાડવા બેઠા છે” એક માણસે હાંફતા હાંફતા આવીને કહ્યું. શહેરથી દૂર માત્ર પંદર કિમી અને સરખેજથી ૧૦ મિનિટના અંતરે અવાવરું જગ્યાએ નિર્માણાધીન બહુમાળી મકાનના આઠમા માળે ચાલી રહેલી બેઠકમાં આગંતુક કહ્યું. મકાનના ભોંયતળિયાથી ત્રણ માળ તૈયાર થઇ ગયા હતા. બાકીનું કામ પૈસા ન હોવાથી, ફલેટ , દુકાનોનું બુકિંગ ન થવાથી, વિવાદવાળી જમીનના કોર્ટકેસ-રેરાની કાર્યવાહી અને ભાગીદારોમાં ડખાથી ચૂડેલના વાંસા જેવી રૂપાળી બિલ્ડિંગમાં બાંધકામ ખાતાના અધિકારીઓની બેઠક ચાલી રહી હતી. બાંધકામ ખાતાના મોટા અધિકારીના બેનંબરી પૈસા આ પ્રોજેકટમાં ભીંતમાં પીપળો ઉગે તેમ ઉગ્યા હતા!!

“ ગુપ્તા શું છે? આપણે બાંધીએ છીએ તે પુલનો સ્લેબ તૂટી ગયો? બિલકુલ ટેન્શન લેવાનું નહીં.!! નામ તેનો નાશ!! કોઈક સગ્રભાને મિસ કેરેજ થાય કે કોઈક મહિલાને પ્રસવ થયા પછી નવજાત શિશુનું મરણ થાય. જેનું સૌને દુખ થાય. જીંદગી અટકી જાય છે?? શોક વિસરાય જાય પછી જીંદગી બમણા વેગથી દોડે છે!! મુખ્ય ઈજનેર રાડાએ કહ્યું.

“ સાહેબ . આ પેપર કટિંગ વાંચો “ ગુપ્તાએ સાહેબને વિનંતી કરી.

“ છાપાવાળા નવરા છે!! એ છાપામાં આપણી વિરુધ્ધ સમાચાર લખે. આપણે હાથી જેવું રાખવું .છાપાવાળાએ કયાં વિભાગ ચલાવવાનો છે?? કોન્ટ્રેકટરો આપણા ભાઈઓ છે. એ આપણા સહોદર નથી તો શું થયું? આપણા પ્રસંગો, તહેવારો, પ્રવાસો, કોલેજોની ફી,ઘરવાળીની ખરીદી સાચવી લે છે!! આપણા માટે કામધેનું છે!! ક્યારેક લાત મારી લે. આપણે દૂઝતી ગાયની લાત પણ ખાઇ લેવાની. આપણે અહર્નિશ કોન્ટ્રાકચરણામ લાભેષુ સેવામહેનો મંત્રોચ્ચાર કરવાનો” ડેપ્યુટી મહેતા સાહેબે ગુપ્તાને વિભાગ સંહિતા સમજાવી.

“ હું કોન્ટ્રાકટર વિરોધી નથી.છાપાએ આપણા સૌના પેટ પર લાત મારવા જેવું લખ્યું છે!! આપણે આનું કાંઇક કરવું પડશે તેમ મારું કહેવું છે.” ગુપ્તાએ હાથ જોડી નિવેદન કર્યું!!

“ રાજયમાં વરસાદ કે બીજા કારણે રસ્તા તૂટી જાય છે. જેનાથી સમાજના તમામ રસ્તા સીસી રોડ બનાવવા રજૂઆત કરે છે!!” ભ્રષ્ટાચાર્ય નામના એકઝીકયુટીવ એન્જિનિયર બોલ્યા.

“ જુઓ ડામર રોડ પણ આપણે બનાવવાના છે.આપણે વર્લ્ડ કલાસ રોડ બનાવીએ છીએ. ચોવીસ કલાકમાં ડામર, કપચી એને બે-ત્રણ મહિનામાં તો રોડ હતો કે કેમ તે પણ શંકા જાય તેવો સરકારી ખરાબો તૈયાર કરીએ છીએ. સીલી સીસી રોડ આપણે જ બનાવવાના છે. હમણા કોઇ રેલ્વે સ્ટેશને સિમેન્ટની ગાદી કર્યા વિના રેતી લગાવી પેવર બ્લોક પાથરેલા. દેખાડા ખાતર સિમેન્ટના વાટા કર્યા હતા. લોટ, પાણીને લાકડા ઠઠાડી દેવાના!!આપણે સીસી રોડના ગેરફાયદા ગણાવવાના. સીસી રોડ પર વરસાદી પાણી પડે તો રોડ પલળતા ગાબડા પડે છે. ચોમાસામાં લપસી પડાય છે. ભારે વાહનોથી સીસી રોડ તૂટી જાય, ખૂબ ગરમી પડે એટલે સીસી રોડમાં તિરાડા પડી જાય. તેમાં ચોમાસામાં પાણી ભરાવાથી સીસી રોડ વપરાશ લાયક ન રહે. બીજી બાજુ કોન્ટ્રેકટરો ટેન્ડર કિંમત સામે બમણા તમણા ભાવ ભરે તેવો કુલડીમાં ગોળ ભાંગી દેવાનો!! એટલે સીસી રોજ પ્રોજેકટ ચોપટ થઇ જાય!” સચિવ સાહેબે ટેકનિકલ( ?) પીરસ્યું!!

આ બેઠકમાં ઠરાવ પસાર કરાયા.

જેમ કે -

રોડની ડીફેકટ લાયેબિલીટી મહતમ ત્રણ કલાક રહેશે. આ સમય પછી રોડ તૂટે તો કોન્ટ્ર્કટર નહીં પણ પડોશી દેશ પાકિસ્તાનને જવાબદાર ગણવાનો રહેશે.

અત્યારે જે વિકલ્પો ઉપલબ્ધ છે તેમાં પેવર રોડ ઉતમ છે. તેની ગુણવતા ચાઈનીઝ પ્રોડકટ જેવી છે. ચાલે તો ચાંદ સુધી નહીં તો શામ તક!!’”

રોડના કાંઠે સાઈન બોર્ડ લગાવવા કે આ રોડ છે, લગ્ન નથી રે પડ્યું પાનું નિભાવવું પડે. જીવનમાં બે ભવ ન કરવા પણ રોડ તો છ માસે નવા બંને તો જ ચકાચક રહે!!

જીવનમાં શરીરનો ભરોસો નથી તો રોડનો ભરોસો શું કામ કરવું?? નામ તેનો નાશ કેટેગરીમાં રોડ પણ સમાવિષ્ટ છે!!

રોડની એકસપાયરી ડેટ પૂછવી નહીં.કેમ કે, જ્ઞાન પચતું નથી તો અતિજ્ઞાન અપચો કરે છે. પાંડુ પુત્ર સહદેવ અતિજ્ઞાનને લીધે ઉદ્વેગ સિવાય કશું અતિરિક્ત પામ્યા નથી.

રોડની એકસપાયરી ત્રણ કલાક રહેશે. આ અંગે કોઇ હક્ક દાવા ગ્રાહ્ય રહેશે નહીં.

કોન્ત્રેકટરોને નુરસાનરૂપ સીલી સીસી રોડને ઊંડો ખાડો ખોદી દફનાવી દો.

જય મય દાનવ. જય વિશ્વકર્મા દેવ. જય કોન્ટ્રેકટર દેવ.

ખાસ નોંધ - આ બેઠકમાં લંચ,અલ્પાહારની વ્યવસ્થા હોટલ લીલા કેમ્પેન્સકીમાંથી કરવામાં આવેલ છે. જેમાં અંડર ટેબલ યોગદાન બ્લેક લિસ્ટ થયેલા કોન્ટ્રેકટરોએ કરેલ છે. જેના પરથી બ્લેક લિસ્ટનું લેબલ હટાવવામાં આવશે . સૌને એસઓઆર મુજબ પેમેન્ટ મળી જશે!!!

**ભરત વૈષ્ણવ..**

# શું મોહન ભાગવત ની વાત બધાએ માનવી જોઈએ કે નહિ?

રાષ્ટ્રીય સ્વયંસેવકના વડા મોહન ભાગવતે ઉત્તર પ્રદેશના અવધ પ્રાંતની ચાર દિવસની મુલાકાત દરમિયાન ખુબ મહત્વની વાતો કહી છે ભાગવતે લવજેહાદ અને ધર્માતરણ પર પણ વાત કરી છે ભાગવતે મુસ્લિમો પર ભાર મુકતા કહ્યું કે મુસ્લિમો આપણાથી અલગ નથી તેઓ આપણા જ છે બસ તેમની પુજાપાઠની પદ્ધતિ અલગ છે આ દેશ જેટલો આપણો છે તેટલો જ મુસ્લિમોનો પણ છે મુસ્લિમો આ દેશમાં જ રહેશે



સંઘ માટે કોઈ પારકું નથી સાથે તેમણે એમ પણ કહ્યું કે જે લોકો અમારો વિરોધ કરે છે તેઓ પણ અમારા જ છે

મોહન ભાગવતે આ સાથે જ લવજેહાદ અને ધર્માતરણનો મુદ્દો ઉઠાવ્યો હતો સંઘના કાર્યકર્તાઓ અને સમર્થકો સાથે વાત કરતા કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમા લવજેહાદ અને ધર્માતરણ ચિંતાનું કારણ બની ગયા છે ભાગવતે આ સાથે જાતિવાદનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો ભાગવતે જણાવ્યું હતું કે જાતિપ્રથા ભેદભાવ વિગેરેને દુર કરવા સમાજને એક કરવો પડશે એકબીજાની વચ્ચે સંવાદ સ્થાપિત કરવાથી જ એકતા આવશે રાષ્ટ્રની ઉન્નતિ અને ભારતનું સન્માન જાળવી રાખવા માટે દરેક લોકોએ સહયોગ કરવાની જરૂર છે

ભાષા પર વાત કરતા કહ્યું હતું કે શિક્ષણમાં માતૃભાષા ભારતીય ભાષા અને અન્ય ભાષા લાગુ થવી જોઈએ સંઘનો વિસ્તાર વધારવાની વાત પણ કરી છે ભાગવતે કહ્યું હતુંસંઘના ૧કે બિનહિંદુઓને પણ સંઘમા જોડવાના પ્રયાસો થવા જોઈએ દરેક જિલ્લામા સંઘના કાર્યકર્તાઓએ બિનહિંદુઓ જેમ કે મુસ્લિમ ખ્રિસ્તી ઈસાઈ દરેકને જોડવા માટે સક્રિય થવું જોઈએ સાથે દલિત સમાજની વસ્તી વધુ હોય ત્યાં જઈને કાર્યકર્તાઓએ સામાજિક સમરસતા માટે પ્રયાસો કરવા જોઈએ મુસ્લિમો પણ આપણા જ છે આ દેશ જેટલો અમારો છે તેટલો એમનો પણ છે આવું કહ્યું હતું તેમનું આ નિવેદન આર.આર એસની વિચારસરણીમા પરિવર્તન આવી રહ્યું હોવાના સંકેત આપે છે

હવે પાંચ રાજ્યોમાં વિધાનસભા અને આગામી વરસે લોકસભા ચૂંટણી આવી રહી છે આવા સમયે દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે આ બાબત ભાજપ માટે નડતરરૂપ બની શકે છે તેવું સમજી ગયેલા સંઘે તેમનું મુસ્લિમ વિરોધી વલણ બદલ્યું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

મોહન ભાગવતના આ નિવેદનને મુસ્લિમોએ આવકાર્યું છે જયારે હિંદુઓ આશ્રયચકિત થઇ ગયા છે.મોહન ભાગવતની આ વાતોથી ભાજપને ચૂંટણીમાં કેટલો ફાયદો થશે એ પછીથી ખબર પડશે.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત